નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :18 APRIL 2024 I THURSDAY I Page : 20 I Year : 2 I Issue : 16 I Price: 2/-




રાજકોટ અગનગોળો! તાપમાનનો પારો ૪૪ ડિગ્રી

જુઓ પેજ નં.૦૭

## લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કાના પ્રચાર પડઘમ શાંત,

# 102 બેઠકો પર કાલે મતદાન

### ૨૦૧૯ની ચૂંટણીમાં આ ૧૦૨ બેઠકોમાંથી યુપીએનો ૪૫ અને એનડીએનો ૪૧ બેઠકો પર વિજય થયો હતો

સામના મિરર, સંવાદદાતા

દેશમાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા હેઠળ ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો પર ૧૯ એપ્રિલે મતદાન થવાનું હોવાથી આજે સાંજથી આ બેઠકોમાં ચૂંટણી પ્રચાર સમાપ્ત થઇ ગયો છે. પ્રચારના અંતિમ દિવસે ભાજપ નેતૃત્ત્વવાળા એનડીએએ અને વિરોધ પક્ષોના ગઠબંધન ઈન્ડિયાએ મતદારોને રિઝવવાના તમામ પ્રયત્નો કર્યા હતાં.

પ્રથમ તબક્કામાં જે બેઠકો પર મતદાન થવાનું છે તે બેઠકોના વિસ્તારોમાં ભાજપના પ્રચારનું નેતૃત્ત્વ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યુ હતું. તેમણે અનેક રેલીઓ સંબોધી હતી તથા રોડ શો પણ કર્યા હતાં. વડાપ્રધાન મોદી ઉપરાંત કેન્દ્રીય પ્રધાન અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ સહિતના પ્રધાનોએ પણ પ્રચાર કર્યો હતો.

કોંગ્રેસમાંથી રાહુલ ગાંધી અને પક્ષ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે સહિતના નેતાઓઓ પ્રચાર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે પ્રથમ તબક્કાની ૧૦૨ બેઠકોના વર્ષ ૨૦૧૯ની ચૂંટણીના પરિણામો પર નજર કરીએ તો યુપીએએ ૪૫ અને એનડીએએ ૪૧ બેઠકો જીતી હતી.

૧૯ એપ્રિલે પ્રથમ તબક્કા હેઠળ તમિલનાડુની તમામ ૩૯ બેઠકો, રાજસ્થાનની ૧૨ બેઠકો, ઉત્તર પ્રદેશની ૮, મધ્ય પ્રદેશની ૬, આસામની ૫, મહારાષ્ટ્રની ૫, ઉત્તરાખંડની ૫, બિહારની ૪, પશ્ચિમ બંગાળની ૩, મણિપુરની બે, અરૂણાચલ પ્રદેશની બે, મેઘાલયની બે, આંદામાન અને નિકોબારની ૧,



મિઝોરમની ૧, નાગાલેન્ડની ૧, પુડુચેરીની ૧, સિક્કિમની ૧, લક્ષદ્વીપની ૧, ત્રિપુરાની ૧, જમ્મુ-કાશ્મીરની ૧ અને છત્તીસગઢની ૧ બેઠક પર મતદાન થવાનું છે.

છત્તીસગઢમાં નકસલવાદ ગ્રસ્ત બસ્તરમાં પ્રથમ તબક્કા હેઠળ ૧૯ એપ્રિલે મતદાન થવાનું છે. આ માટે સમગ્ર બસ્તરમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

તમિલનાડુમાં પ્રચારના અંતિમ દિવસે ડીએમકે નેતા અને મુખ્યપ્રધાન સ્ટાલિને આ વખતની ચૂંટણીને બીજી સ્વતંત્રતા ચળવળ ગણાવી હતી. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રા અને સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે ઉત્તર પ્રદેશમાં અનુક્રમે સહરાનપુર અને મોરાદાબાદમાં રેલીઓને સંબોધી હતી.

જમ્મુ-કાશ્મીરમાં વડાપ્રધાન મોદીએ રાજ્યના લોકોને વિધાનસભા ચૂંટણી યોજવા અને રાજ્યનો દરજ્જો આપવાની ખાતરી આપી હતી. અમિત શાહે પણ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટની 30 સપ્ટેમ્બર સુધીની ડેડલાઈન પહેલા વિધાનસભા ચૂંટણી યોજવામાં આવશે.

# મમતાએ રામનવીની ઊજવણી રોકવાનો ભરપૂર પ્રયાસ કર્યો : મોદીનો આક્ષેપ

નવી દિલ્હી : લોકસભા ચૂંટણીમાં પહેલા તબક્કાના મતદાનને હવે બે દિવસનો સમય બાકી છે ત્યારે રામનવમીની પૂર્વ સંધ્યાએ પશ્ચિમ બંગાળમાં રાજકારણ અને ધર્મનો વિવાદ વકર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મમતા બેનરજી અને તૃણમૂલ કોંગ્રેસની ઝાટકણી કાઢી હતી. પીએમ મોદીએ કહ્યું કે, તૃણમૂલ કોંગ્રેસે બંગાળમાં રામનવમી સમારંભ રોકવા માટે અથાગ પ્રયત્નો કર્યા પરંતુ સત્યનો વિજય થયો.

પશ્ચિમ બંગાળના બાલુરઘાટમાં એક ચૂંટણી રેલીને સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આ પહેલી રામનવમી છે જ્યારે અયોધ્યામાં ભવ્ય રામ મંદિરમાં રામલલા વિરાજમાન થઈ ગયા છે. મને ખબર છે કે ટીએમસીએ હંમેશાની જેમ આ વખતે પણ અહીં રામનવમીની ઊજવણીને રોકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ સત્યનો વિજય થયો છે. તેથી હાઈકોર્ટની મંજૂરી મળી ગઈ છે અને આવતીકાલે પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિથી રામનવમીની શોભાયાત્રા નીકળશે. પીએમ મોદીએ આ પ્રસંગે રાજ્યના નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ઉમેર્યુ કે, તૃણમૂલ સરકાર રામનવમીની રેલીઓને મંજૂરી નથી આપતી પરંતુ રામનવમીની રેલીઓ પર પથ્થરમારાને મંજૂરી આપે છે. નોંધનીય છે કે ગયા વર્ષે બંગાળમાં રામનવમીએ રમખાણો ફાટી નીકળ્યા હતા.

પીએમ મોદીએ બંગાળમાં સીએએનો વિરોધ કરવા બદલ તૃણમૂલ સરકારની આકરી ટીકા કરી હતી. વડાપ્રધાને કહ્યું કે, તૃણમૂલ કોંગ્રેસ ઘૂસણખોરોનું સમર્થન કરે છે, પરંતુ શરણાર્થીઓને નાગરિક્તા આપનારા કાયદા 'સીએએ'નો વિરોધ કરે છે. તૃણમૂલ કોંગ્રેસે પશ્ચિમ બંગાળને ઘૂસણખોરો, ગુંડાને પટ્ટા પર આપી દીધા છે. આખા દેશ સંદેશખલીમાં મહિલાઓ સામેના ગૂનાઓથી સ્તબ્ધ છે.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# અમેરિકન મંદીનો પડઘો



સમગ્ર દુનિયામાં અવિકસિત અને વિકાસશીલ રાષ્ટ્રોના આર્થિક પ્રશ્નોની વચ્ચે બે દિગ્ગજ ચીન અને અમેરિકા છેલ્લા ઘણાં સમયથી મંદીના વમળમાં ફસાતા જાય છે. જો કે ચીનને અસર ઓછી છે. અમેરિકન ડોલરને ગંભીર ઘસારો લાગવાના એંધાણ છે. છતાં આ વિપરીત સંજોગોમાં અમેરિકન અર્થતંત્ર સ્વસ્થ અને મજબૂત રહ્યું છે. પરંતુ છેલ્લા બે સપ્તાહના ગઈકાલે પ્રગટ થયેલા સંયુક્ત અહેવાલ પ્રમાણે અમેરિકન અર્થતંત્રએ પણ હવે મંદી ભણી કૂચ શરૂ કરી છે. અમેરિકામાં બોન્ડ માર્કેટ બહુ મોટી છે અને એમાં દુનિયાભરના શ્રીમંતો લાંબા ગાળાના રોકાણકાર તરીકે ગળાડૂબ હોય છે. અમેરિકન અર્થતંત્રમાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજના દરોમાં કરવામાં આવેલા આંશિક છતા આકસ્મિક ઘટાડાએ મંદીના પ્રારંભનું બ્યૂગલ અગાઉ બજાવ્યું હતું. જો કે અત્યારે તો અમેરિકી અર્થતંત્ર વાર્ષિક બે ટકાની વૃદ્ધિના ધોરણે ગતિ કરતું હતું અને પૂર્વ પ્રમુખ ટ્રમ્પની દક્ષિણપંથી વિચારધારાને કારણે સંખ્યાબંધ કોર્પોરેટ કંપનીઓએ અમેરિકન વતની યુવક-યુવતીઓને જ નવી રોજગારી ઓફર કરવી પડી હતી. જેના પરિણામે એનું રાષ્ટ્રિય યુવા ચિત્ર ઘણું ઉજ્જવળ બની ગયું હતું.

પરંતુ કોરોનાકાળના દુષ્પરિણામોનો આ રાઉન્ડ બાઈડને ભોગવવાનો આવ્યો હતો જેમની ટર્મ પણ હવે પૂરી થવાની નજીક છે. અમેરિકાએ બે ખતરનાક મંદી જોઈ છે અને હવે ત્રીજી મંદીના કિનારે દેશ આવીને ઊભો છે. ઈ.સ. ૨૦૦૦ની સાલમાં શેરબજારમાં કોમ્પ્યુટર આધારિત હાર્ડવેર, સોફ્ટવેર અને સિસ્ટમની કંપનીઓનું પતન થયું હતું. જેને ઈતિહાસમાં ડોટ કોમ પતન તરીકે ઓળખવામાં આવે છે. અમેરિકાએ ઈ.સ. ૨૦૦૮ની વૈશ્વિક મંદીના આગલા વર્ષે પણ બાંધકામ ક્ષેત્રમાં ઘોર મંદીનો સામનો કર્યો હતો. આપણે ત્યાં મંદીનું નેતૃત્વ જેમ પાછલા વરસોમાં ઓટોમોબાઈલ ઉદ્યોગોએ લીધું હતું તેમ ઈ.સ. ૨૦૦૭માં અમેરિકામાં જમીન અને બાંધકામ ક્ષેત્રએ પછીના વર્ષ એટલે કે ઈ.સ. ૨૦૦૮માં આવવાની હતી તે મંદીનું આગોતરુ નેતૃત્વ લીધું હતું. અર્થશાસ્ત્રના વિદ્વાનો એના અનુભવ પ્રમાણે સદાય એમ કહેતા આવ્યા છે કે તેજી તમને એક કલાકનો પણ સમય આપતી નથી અને રાતોરાત ભડકો થઈ શકે છે.

એટલે કે અકલ્પિત રીતે તેજી બજારમાં પ્રવેશે છે, જેની ધારણા કોઈને હોતી નથી. ઉદાહરણ તરીકે આપણે ત્યાં સોનામાં રોકાણ કરવાનો ખુશનુમા ખ્યાલ ધરાવતા લાખો લોકોને રાતોરાત થાપ આપીને સોનાએ જે છલાંગ મારી એ કોઈ પણ પૂર્વ અંદાજ વિનાની તેજી હતી. અને હજુ એ ભવિષ્યમાં ક્યાં પહોંચશે એનો કોઈ અંદાજ નથી. એ જ રીતે અર્થશાસ્ત્રીઓ માને છે કે મંદી લગભગ એક વર્ષ એડવાન્સ પ્લાનિંગ સાથે આવે છે. એટલે કે કોઈપણ મહામંદીની જાળ તૈયાર થતા ઉત્પાદકો અને બજારને એકાદ વર્ષ લાગે છે. વારંવાર ઘંટડીઓ વાગતી રહે છે. અમેરિકન અર્થશાસ્ત્રીઓએ હમણાં જાહેર કર્યા પ્રમાણે ઈ.સ. ૨૦૨૪ના ઉત્તરાર્ધમાં અગાઉની ઈ.સ. ૨૦૦૮ જેવી જ મંદી આવી રહી છે. ૨૦૦૮ની મંદીમાં ભારત સરકારે અઢળક આગોતરા પગલા લીધા હોવાને કારણે એની નહીંવત અસર ભારતીય બજારોમાં જોવા મળી હતી. પરંતુ આ વરસના છેડે આવનારી મંદી માટે એવી કોઈ આગમચેતી ભારતીય નાણાં મંત્રાલયમાં ન હોવાને કારણે મંદીના આકરા ફટકા લાગવાની શક્યતા રહે છે.

અમેરિકાની ખાનગી નાણાંકીય બજારોમાં આ આવનારી મંદીની અસરો સપાટી પર આવવા લાગી છે. છેલ્લા પ્રગટ થયેલા વિવિધ અમેરિકી ઈકોનોમિક રિપોર્ટ પ્રમાણે ઈ.સ. ૨૦૦૮ની પૂર્વ સંધ્યાના મહિનાઓમાં જે પરિસ્થિતિ હતી તેવા જ સંકેતો અત્યારે અમેરિકન બજારમાં જોવા મળે છે.

# કપાસના વાવેતરમાં સુરેન્દ્રનગર પ્રથમ, અમરેલી જિલ્લો બીજાક્રમે

## સફેદ સોનું ગણાતા સૌરાષ્ટ્રના કપાસની વિદેશમાં વધતી ડીમાન્ડઃ રોગચાળા ઉપર નિયંત્રણ આવે તો કપાસનું ઉત્પાદન હજુ વધે



રાજકોટ : સફેદ સોનુ ગણાતા કપાસના વાવેતરને રોકડિયો પાક ગણવામાં આવે છે. સૌરાષ્ટ્ર ગુજરાતમાં કપાસનું વાવેતર નોંધપાત્ર રહ્યું છે. કપાસનાં પાકમાં સૌથી વધુ વાવેતરમાં સુરેન્દ્રનગર જિલ્લો મોખરે છે. બીજો ક્રમ અમરેલી જિલ્લાનો આવે છે. જયારે કપાસનાં પાકની સૌથી વધુ ઉત્પાદકતા ગિરસોમનાથ જિલ્લામાં જોવા મળે છે.

કપાસનાં પાકમાં ગુજરાતની કૃષિનો સૌથી વધુ નફો કમાઈ આપનાર પાક ગણાય છે. ગુજરાતમાંથી જે કપાસ ઉત્પાદિત થાય છે તે ભારતનાં અન્ય રાજયોનાં કાપડ ઉદ્યોગો માટે તથા નિકાસ દ્વારા વિદેશી કાપડ ઉદ્યોગમાં કાચા માલ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. કપાસનાં ઉત્પાદન તંત્ર વિશે તજજ્ઞો જણાવે છે કે, ગુજરાતમાં કુલ વાવેતરનાં ૨૦ ટકા હિસ્સો કપાસ ધરાવે છે. ગુજરાતએ ભારતનું બીજા ક્રમનું કપાસનાં વધુ વાવેતર અને ઉત્પાદન ધરાવતું રાજય છે. દેશના કુલ કપાસનાં ઉત્પાદનમાં ગુજરાતનાં હિસ્સો ૧૮.૧૧ ટકા જેટલો રહ્યો છે. ગુજરાત રાજયનાં જે જિલ્લાઓ કપાસના વાવેતરમાં પ્રથમ ક્રમે આવે છે તેમાં ગાંધીનગર, સુરેન્દ્રનગર, મોરબી, અમરેલી, ભાવનગર, બોટાદ, વડોદરા છોટા ઉદેપુર, નર્મદા અને ભરૂચનો સમાવેશ થાય છે.

કપાસનાં વેપાર સાથે જોડાયેલા સુત્રો જણાવે છે કે, કપાસનાં ભાવોમાં છેલ્લા દોઢ દાયકા દરમિયાન જે સુધારો જોવા મળવો જોઈએ તે મળ્યો નથી. પરિણામે કપાસનું વાવેતર ખેડૂતોને હતોત્સાહિત કરી રહ્યું છે. છેલ્લા વર્ષોમાં કપાસના વાવેતરમાં લાલ ઈયળ, પાકનું અચાનક બગડી જવું અને અન્ય રોગોએ ખેડૂતોને વધુ મુશ્કેલીમાં મુક્યા છે. આ સંજોગોમાં ગુજરાતના કપાસનાં પાકની સ્થિતિને જાળવી રાખવી હોય તો કપાસનાં પાકમાં રોગ નિવારણ માટે ત્વરીત પગલાં લેવા જોઈએ તેમજ કપાસનાં પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે વિદેશી બજારને અનુરૂપ આવશ્યક પગલાં લેવા જોઈએ.

# મતદાનના દિવસે મતદાન મથકોએ ઓઆરએસના પેકેટ મૂકાશે

## ■ફર્સ્ટ એઈડ કિટ અને ૧૦૮ ઈમરજન્સી સેવા ઉપલબ્ધ કરાવાશે

આણંદ : આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત હીટવેવની અસરને નિવારવા માટેના પગલાં લેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.દીપક પરમારને હિટવેવ નોડલ ઓફિસર તરીકે જાહેર કર્યા છે.

ભારતના હવામાન વિભાગે આગામી ઉનાળાની ઋતુ દરમિયાન સામાન્ય તાપમાનથી વધુની સંભાવના નિર્દેશિત કરી છે અને જૂન મહિના સુધી હિટવેવ વધુ મજબૂત અને લાંબા સમય સુધી પરિવર્તિત થઈ શકવાની શક્યતા વ્યક્ત કરી છે. ત્યારે આગામી મે મહિનાની તા.૭મીના રોજ યોજાનાર મતદાનના દિવસે તમામ મતદાન મથકો ખાતે ઓઆરએસના પેકેટ મૂકવામાં આવશે. જેથી કોઈ મતદારને ગરમીની હિટવેવની અસરને કારણે કઈ તકલીફ થાય તો તરત જ પ્રાથમિક સુવિધા આપી શકાય. આ ઉપરાંત દરેક મતદાન મથક ખાતે ફર્સ્ટ એઈડ કિટ પણ મુકવામાં આવશે અને ઈમરજન્સીમાં ૧૦૮ની સેવા ઉપલબ્ધ રહેશે. વધુમાં જે મતદારો ગંભીર બિમારીમાંથી પસાર થઈ રહ્યા હોય કે જેમને બાયપાસ સર્જરી કરી હોય, સ્ટેન્ટ મુક્યું હોય, ડાયાબિટીસ હોય, હાઈરિસ્કવાળા મતદારો હોય અથવા જે મહિલાઓને પ્રસૂતિ થવાની હોય તેવા મતદારોએ સવારના સમયમાં મતદાન કરી લેવું જોઈએ કે જેથી તેમને બપોરના સમયમાં હિટવેવની અસર ના થાય તેમ જણાવ્યું છે. ઉપરાંત જિલ્લાના તમામ સીએચસી સેન્ટર અને પીએચસી સેન્ટરો ખાતે આરોગ્યની સેવાઓ ઈમર્જન્સી સેવાઓ ઉપલબ્ધ રહેશે અને ડોક્ટર સહિતનો સ્ટાફ હાજર રહેશે. ખાસ કરીને ઈવીએમ મશીન જે જગ્યાએથી મતદાન મથક ખાતે રવાના કરવામાં આવે છે અને પાછા જમા લેવામાં આવે છે તે ડિસ્પેચિંગ અને રિસિવીંગ સેન્ટર ખાતે પણ મેડિકલ ટીમ હાજર રહેશે અને ૧૦૮ની સેવાઓ ઉપલબ્ધ રહેશે તેમ ડો. દિપક પરમારે વધુમાં ઉમેર્યું હતું.

# અનેક બેઠકો પર ઉમેદવાર સામે અસંતોષમાં ભાજપે ડેમેજ કંટ્રોલ કર્યાનો સંકેતઃ રાજકોટ હજુ ચિંતા

## ધાનાણીને લેઉવા ફેકટર કેટલું મદદ કરશે! ભાજપની સંગઠન-નાણા ઉપરાંત અનેક છૂપી તાકાત સામે કોંગ્રેસનું નબળું સંગઠન અને અપુરતા સાધનો તેમજ નેતાઓમાં જૂથવાદ ધાનાણીના માઈનસ પોઈન્ટ

- **ક્ષત્રિય સમાજના તા.૧૯ના પ્લાન-બી પર નજરઃ અગાઉ જેટલું જ 'જોર' બતાવી શકશે! વધશે કે વિરોધ ઢીલો પડી જશે? મિકસ સંકેતઃ ભાજપ ભાગલાની ફિરાકમાં**

**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ, તા. ૧૭ઃ લોકસભા ચૂંટણીમાં અચાનક જ એક આવેલા કરન્ટમાં એક તબકકે ભાજપે જાહેર કરેલા ઉમેદવારો સામે સ્થાનિક સ્તરે વિરોધ અને વિવાદ બાદ વડોદરા અને સાબરકાંઠાના ઉમેદવારોને ભાજપે બદલીને નવા ચહેરાને ચુંટણી લડાવીને રોષ શાંત પાડવા કોશીશ કરી હતી ત્યાંજ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ અચાનક જ એક વિવાદનું વાવાઝોડું સર્જી દીધું.

તેઓએ ક્ષત્રિય સમાજ અંગે કરેલા વિધાનો ભાજપને બુમરેંગ થશે તેવા સંકેત મળતા જ ભાજપે ડેમેજ કંટ્રોલ કરવા રૂપાલા પાસે એક નહી બે-બે વખત માફી મંગાવી છતાં પણ તેમની ઉમેદવારી રદ કરવાની અને તેમના સ્થાને નવા ચહેરાને મુકવા ક્ષત્રિય સમાજની માંગણી નહી સ્વીકારી ભાજપે તેના વિરુદ્ધ આ સમુદાય જાય તો પણ સર્જનારી રાજકીય ચેલેન્જ ઉપાડી લીધી છે તો બીજી તરફ હવે ક્ષત્રિય સમુદાયે 'રૂપાલા-હટાવ' માંગણી નહી સ્વીકારાતા ફકત રાજકોટ જ નહી રાજયભરમાં ભાજપના ઉમેદવાર સામે વિરોધ કરવાનો જે નિર્ણય કર્યો પણ હજુ સમાજનો પ્લાન 'બી' જાહેર નહી કરીને તા.૧૯ની મુદત પાડી છે તે બાદ હવે આ વિવાદનું વાવાઝોડું પણ શમી ગયુ હોવાના સંકેત છે. સૂત્રોના જણાવ્યા મુજબ તા.૧૯ બાદ ક્ષત્રિય સમાજનો વિરોધ કેટલો ઉગ્ર બની શકે છે તે પણ પ્રશ્ન છે અને એક તબકકે આ વિવાદી કોંગ્રેસ પક્ષને ચુંટણી લડવાનું 'બળ' મળ્યું છે ત્યાં જે સંકેત હતા તેમાં પણ કોંગ્રેસ કેટલો ફાયદો ઉઠાવી શકશે તેના પર ચર્ચા છે.

રાજકોટ લોકસભા બેઠક પર 'રૂપાલા હટાવ' નારાને ભાજપે ફગાવ્યો પછી આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે પરેશ ધાનાણી હવે આ લડાઈને 'સ્વાભિમાન-યુદ્ધ'માં પલટાવવા પ્રયાસ કર્યા છે અને તેઓ ક્ષત્રિય સમાજ ઉપરાંત લેઉવા પાટીદાર સમાજ જેમાં પણ જેઓ 'રૂપાલા' ફેકટરથી નારાજ છે. તેઓને સાથ મળી રહેશે તેવી આશા સાથે પ્રચાર કરશે. જો કે સમગ્ર ગુજરાતની જેમ જ રાજકોટ કોંગ્રેસનું સંગઠન નબળુ છે અને તે પણ વિભાજીત છે તેથી ધાનાણીને કેટલો બેકઅપ મળશે તે પણ પ્રશ્ન છે.

ચુંટણી પ્રચારના સંગઠનની નાણા અને આયોજનના મોરચે તો તેમાં ભાજપ કે પરસોતમ રૂપાલાને પહોંચી જ શકે નહી તે નિશ્ચિત છે.

રૂપાલાએ અગાઉ જ વિવિધ સમાજ-વ્યાપારી સંગઠનો અને સમાજની સાથે 'સ્નેહ-મિલન' કરીને બાજી સુધારવાનો પ્રયાસ કર્યો છે પણ હજું આંતરિક રીતે રહેલો ક્ષત્રિય આક્રોશ કેટલો સપાટી પર આવે છે અને તે કેટલી અસર કરે છે તેના પર નજર છે. ક્ષત્રિય આંદોલનના પ્લાન-બી પર ભાજપની પણ નજર છે અને પક્ષ દ્વારા હવે આ આંદોલનમાં ભાગલા પડાવવાની કોશિશ થાય તેવી પણ શકયતા છે. ખાસ કરીને જો ક્ષત્રિય સમાજ એક રહી શકશે તો ચોકકસપણે ભાજપને ચિંતા થઈ શકે છે.

# ઈન્દ્રનીલની જગ્યામાં કોંગ્રેસ કાર્યાલય સામે વાંધો? ભારે ચર્ચા

- કોંગ્રેસમાં ફરી આંતરિક જુથવાદ સળગ્યોઃ પ્રચારને બદલે પરેશ ધાનાણીની 'મનામણા' માટે કસરત
- ડો. હેમાંગ વસાવડાના બંગલે 'નારાજ' નેતાઓ સાથે બેઠક

**(સામના મિરર, સંવાદદાતા)**

રાજકોટ, તા.૧૭ઃ રાજકોટમાં કોંગ્રેસે ઉમેદવાર તરીકે સિનિયર નેતા પરેશ ધાનાણીને મુક્યા છે અને તેઓ પ્રચાર શરૂ કરે તે પૂર્વે જ મનામણા કરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ડો. હેમાંગ વસાવડાના નિવાસસ્થાને નારાજ આગેવાનોની તાબડતોડ બેઠક બોલાવવામાં આવી છે અને સંગઠીત થઈને લડવા માટે તમામને એક જુથ કરવાના પ્રયત્ન કરવામાં આવ્યા છે.

માહિતગાર સુત્રોએ જણાવ્યું છે કે, કેટલાક વખત બાદ કોંગ્રેસમાં ફરી એક વખત આંતરિક જુથવાદ સળગી ઉઠ્યો છે અને પરિણામે પાર્ટીના ઉમેદવાર




પરેશ ધાનાણીને તાબડતોડ સમજાવટ બેઠક યોજવાની ફરજ પડી છે. આજે બપોરે ડો. વસાવડાના નિવાસસ્થાને બેઠક યોજવામાં આવી હતી તેમાં ભીખુભાઈ વારોતરીયા, લલીત કગથરા પણ હાજર હતા. ડો. વસાવડા, મહેશ રાજપુત, પ્રવિણ સોરાની, અશોકસિંહ વાઘેલા, રણજીત મુંધવા વગેરેને બોલાવવામાં આવ્યા હતા. નારાજ આગેવાનોને મનામણા કરવાનો એજન્ડા હોવાની ચર્ચા હતી.

એમ કહેવાય છે કે, કોંગ્રેસનું કાર્યાલય પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરુની જગ્યામાં શરુ કરવામાં આવ્યું હોવાથી એક જુથને વાંધો પડ્યો છે. થોડા દિવસો પૂર્વે પણ ઈન્દ્રનીલની હાજરીમાં કોંગ્રેસ કાર્યાલયે યોજાયેલી મીટીંગમાં આતંરીક સટાસટી થઈ હતી.

પ્રવિણ સોરાણી તથા કેટલાક અન્ય આગેવાનો બેઠક છોડીને ચાલ્યા ગયા હતા. ઈન્દ્રનીલ રાજયગુરુ સાથે તેઓને ટપાટપી થઈ હતી આ બેઠક વખતે પણ શહેર કોંગ્રેસના અન્ય અનેક નેતાઓ પણ આવ્યા ન હતા. આમંત્રણ ન હોવાનું કારણ આપીને તેઓએ મીટીંગમાં હાજરી આપવાનું ટાળ્યું હતું.

આ વિવાદ હવે ફરી સપાટી પર આવ્યો હોય તેમ પરેશ ધાનાણીએ સંગઠીત લડાઈ માટે તમામની બેઠક યોજી છે. બેઠકમાં સમજાવટના પ્રયત્નો સફળ થાય છે કે કેમ તેના પર મીટ છે. હાલ તુર્ત તો પરેશ ધાનાણીના પ્રચારના બદલે મનામણામાં કસરત કરવાનો વખત આવ્યો હોવાની ચર્ચાછે.

# કલેકટર કચેરીમાંથી ક્ષત્રિય સમાજે ૧૮૦ ફોર્મ ઉપાડયા પણ હજુ એક પણ ભરાયા નથી

## તા.૨૨ના ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થવાનો સંકેતઃ બેલેટપત્રથી ચુંટણીની વાતો વચ્ચે એક ઈવીએમ પણ વધી પડે તેવી શકયતા

- **રાજકોટ બેઠક પર ૩૧૯ ફોર્મ ઉપડયાઃ હજું ફકત ત્રણનું જ નોમીનેશન**
- **હવે આખરી બે દિવસઃ તા.૧૯ સુધીમાં ધસારો થવાની ધારણાઃ તા.૨૦ના ચકાસણી**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૧૭ઃ રાજકોટ સહિત રાજયની લોકસભાની ૨૬ અને વિધાનસભાની ૫ બેઠકોની આગામી તા. ૭ મેના આયોજિત કરાયેલ ચૂંટણી માટે ચૂંટણી પંચ દ્વારા ગત તા. ૧૨ એપ્રિલના જાહેરનામું પ્રસિધ્ધ થયા બાદ મુરતીયાઓના નામાંકન પત્રની પ્રક્રિયા હાલ ચાલી રહી છે જેમાં નામાંકનપત્ર ભરવાની અંતિમ તા. ૧૯ નિયત કરાયેલ છે. જેને આડે હવે માત્ર બે દિવસ જ બાકી રહ્યા છે. ત્યારે રાજકોટ લોકસભાની બેઠક માટે અત્યાર સુધીમાં ૩૧૯ જેટલા ફોર્મ ઉપડાયા બાદ હજુ માત્ર ત્રણ ઉમેદવારોના જ નોમીનેશન થયા છે.


રાજકોટ લોકસભાની હોટ ગણાતી આ બેઠક માટે ચૂંટણી પંચ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ થતાની સાથે જ ક્ષત્રિય સમાજ દ્વારા ૧૮૦ જેટલા ઉમેદવારી ફોર્મ જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરીમાંથી પ્રથમ દિવસે જ ઉપાડી લેવામાં આવેલ હતા. ત્યારબાદ ક્ષત્રિય સમાજ દ્વારા એક પણ ફોર્મ ભરીને હજુ જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ સબમીટ થવા પામેલ નથી. આ બાબતે ખાસી ચર્ચા જગાવી દીધી છે.

પ્રારંભિક તબકકે ક્ષત્રિય સમાજ દ્વારા ૧૮૦ જેટલા ઉમેદવારી ફોર્મ ઉપાડી લેવાતા વહીવટી તંત્ર હરકતમાં આવી ગયું હતું. તેની સાથોસાથ બેલેટ પેપરથી ચૂંટણીની નોબત આવે તો નવાઇ નહીં તેવી પણ ચર્ચા થવા લાગી હતી. પરંતુ ક્ષત્રિય સમાજ દ્વારા મોટી સંખ્યામાં ફોર્મ ઉપાડાયા બાદ ઉમેદવારીને એકાએક બ્રેક મારી દેવામાં આવી છે. જોકે આવતીકાલથી ઉમેદવારોના નોમીનેશનની પ્રક્રિયા વેગ પકડશે. બીજી તરફ ક્ષત્રિય સમાજ દ્વારા જે ઉમેદવારી ફોર્મ ઉપાડવામાં આવેલ છે. તેના નામાંકન થશે કે કેમ ? તેના તરફ પણ મીટ મંડાયેલી છે.

વર્તમાન સ્થિતિ તરફ નજર નાંખતા અત્યાર સુધીમાં ભાજપના પરસોતમભાઇ રૂપાણી અને તેમના ડમી ઉમેદવાર તરીકે મોહનભાઇ કુંડારીયાએ તેમના ઉમેદવારી ફોર્મ ચૂંટણી અધિકારી પ્રભવ જોશી સમક્ષ સબમીટ કરાવી પરસોતમભાઇ રૂપાણીએ વાજતે-ગાજતે પોતાની ઉમેદવારી નોંધાવી દીધી છે. તે પૂર્વે એક અપક્ષ ઉમેદવારે પણ નામાંકન પત્ર સબમીટ કરાવતા અત્યાર સુધીમાં માત્ર ત્રણ ઉમેદવારોના જ નામાંકનપત્ર સબમીટ થવા પામેલ છે.

જો ઉમેદવારો ન વધે તો હાલની સ્થિતિ મુજબ ચૂંટણીમાં એક ઈવીએમ મશીનની માંડ જરૂ પડે તેવા સંજોગોનું નિર્માણ થઇ રહ્યું છે. અહીં પણ ઉલેખનીય છે કે અગાઉ ક્ષત્રિય સમાજ દ્વારા ૩૮૪થી વધુ ઉમેદવારો રાજકોટ બેઠક પરથી ઉભા રાખવાની વાતો વહેતી કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી ક્ષત્રિય સમાજનું એક પણ ફોર્મ ભરાઈને સબમીટ ન થતા હવે આખરી બે દિવસ ખરાખરીના માનવામાં આવી રહ્યા છે. આગામી તા.૧૯ સુધીમાં જ ઉમેદવારો પોતાના નામાંકનપત્રો ચૂંટણી અધિકારી સમક્ષ સબમીટ કરાવી શકશે. જે બાદ તા.૨૦ના ઉમેદવારીપત્રોની ચકાસણી અને ત્યારબાદ તા.૨૨ના ઉમેદવારો તેમના ઉમેદવારીપત્રો પરત ખેંચી શકશે જે બાદ રાજકોટ બેઠકનું ચિત્ર સ્પષ્ટ થશે.

## રાજકોટમાં રામલલ્લાના વધામણા કરતા પરસોતમભાઈ રૂપાલા



શહેરના દોઢસો ફુટ રીંગરોડમાં નાણાવટી સર્કલ પાસેથી આ શોભાયાત્રાનો પ્રારંભ થયો તે સમયે રામલલ્લાના દર્શન કરવા અને પ્રભુ રામ પાસેથી આશિર્વાદ લેવા ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા પણ પહોંચ્યા હતા અને તેઓએ ભગવાન શ્રીરામની પ્રતિમાને ફુલહાર ચડાવીને વંદન કર્યા હતા. આ શોભાયાત્રા આજે પુરો દિવસ શહેરમાં ફરશે. તેમની સાથે સાંસદ રામભાઈ મોકરીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, વર્તમાન સાંસદ મોહનભાઈ કુંડારીયા સહિતના ભાજપના અગ્રણીઓ પણ જોડાયા હતા અને વાતાવરણ જયશ્રીરામના નારા સાથે ગુંજી ઉઠયું હતું. આ શોભાયાત્રામાં ભગવાન શ્રીરામના ભકતોની મોટી સંખ્યા ઉપસ્થિત રહી હતી.

# પરાપીપળીયાના પાટીયા પાસેથી કારમાં ધોકા અને લાકડી રાખી રોફ જમાવતા બે શખસ ઝડપાયા

- **ગોકુલધામ આરએમસી કવાર્ટર, સંતકબીર રોડ સહિતના વિસ્તારોમાંથી પોલીસે દબોચ્યા**

રાજકોટ તા. ૧૭ઃ શહેરમાં છરી ધોકા જેવા હથીયારો સાથે રોફ જમાવતા લુખ્ખાઓ પર પોલીસે ધોંસ બોલાવી પાંચ શખ્સો સામે કાર્યવાહી કરી ગુના નોંધ્યા હતા.

બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે જામનગર રોડ પર પરાપીપળીયાના પાટીયા પાસેથી પસાર થતી એક કારને અટકાવી તેમાં તપાસ કરતા ડેકીમાંથી લાકડાના બે ધોકા અને લાકડી મળી આવતા કાર ચાલક અમીત હેમંત મોરાણીયા (ઉ.૩૦) રે. શકિત સોસાયટી શેરી નં.૨/૨૮નો ખૂણો અને તેની સાથેના રાજ કીરીટ તુરીયા રહે. રણછોડનગર શેરી નં.૨૯ સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુનો નોંધ્યો હતો. જયારે બી ડીવીઝન પોલીસે સંતકબીર રોડના નાલાથી આગળ સર્વિસ રોડ પરથી શૈલેષ અમરશી સોલંકી (ઉ.૩૦) રે. સાગરનગર શેરી નં.૫, જુનો મોરબી રોડ પાસેથી લાકડી કબ્જે કરી હતી તેમજ સીટી સ્ટેશન પાસેથી વિકી નાથા દેલવાડીયા રહે. જુનો મોરબી રોડ સીટી સ્ટેશન પાસેને છરી સાથે તેમજ સંત કબીર રોડ ત્રીવેણી ગેટ પાસે જાહેર રોડ પરથી વિશાલ પ્રેમજી વાઢેર (ઉ.૨૭)ને છરી સાથે દબોચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજકોટમાં વિધર્મી યુવાન ૧૫ વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી ભગાડી ગયો

**■ માલવીયાનગર પોલીસે અપહરણની ફરિયાદ દાખલ કરી, આ તરફ આરોપી સમીર સુમરાએ પોતાના પરિચિત વકીલની સલાહથી સગીરાને ભક્તિનગર પોલીસને સોંપી દીધી હતી**

(સામના મિરર, સંવાદદાતા)



રાજકોટ, તા.૧૭: રાજકોટમાં વિધર્મી યુવાન ૧૫ વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી ભગાડી જતા ચકચાર મચી ગઇ છે. માલવીયાનગર પોલીસે અપહરણની ફરિયાદ દાખલ કરી છે. જોકે જંગલેશ્વર અંકુરનગરમાં રહેતા આરોપી સમીર સુમરાએ પોતાના પરિચિત વકીલની સલાહથી સગીરાને ભક્તિનગર પોલીસને સોંપી દીધી હતી.

ગોકુલધામ આર.એમ.સી. ક્વાર્ટર વિસ્તારમાં રહેતા ૩૬ વર્ષીય માતાએ પોતાની ૧૫ વર્ષીય દીકરીના અપહરણની ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, હું મારા સંતાનો સાથે રહું છું. ઘરકામ કરું છું. મારા લગ્ન આજથી આશરે ત્રેવીસ વર્ષ પહેલા થયા હતા. સંતાનમાં એક દિકરો ૧૯ વર્ષનો છે. એક દિકરી ૧૫ વર્ષની છે. જે ધો.૧૦માં અભ્યાસ કરે છે.

વર્ષ ૨૦૨૦માં મારા પતિનું બીમારીથી મોત થયું હતું. ગત તા.૧૨ના દિવસે હું મારા ભાઈ સાથે રાજસ્થાન ગઇ હતી. તા.૧૩ના રાત્રે ૧૧:૩૦ વાગ્યે મારી દિકરી પાસે ફોન પકડાવાથી તેના ભાઈએ તેને ઠપકો આપ્યો હતો. બાજુમાં રહેતા પાડોશી બહેનના ઘરે દીકરીને સુવા મોકલી આપેલ. ત્યાર બાદ તા ૧૪ના વહેલી સવારેના આશરે ત્રણેક વાગ્યે પાડોશી બહેને મારા દિકરાને જાણ કરી કે મારી દીકરી ક્યાંક જતી રહી છે.

જેની જાણ મને થયા પછી મારા દીકરાએ સગા સબંધી, બસ સ્ટેન્ડ અને ગોંડલ ચોકડી શોધવા ગયેલ પણ દીકરી મળી આવેલ નહીં. તા. ૧૪ના સવારે આશરે ૧૧ વાગ્યે મારા દીકરાએ મને જાણ કરી કે, બહેન મળી ગઈ છે. અને ભક્તિબગર પોલીસ સ્ટેશને છે.

હું બહેન ને લેવા જાઉં છું. પછી આશરે બપોરે બારેક વાગ્યે ભક્તિનગર પોલીસ સ્ટેશનથી દીકરીને લઈ આવેલ. ત્યાર બાદ અમે બપોર પછી ત્રણેક વાગ્યે મારા ઘરે આવેલ અને બાદ મેં મારી દિકરીને પુછેલ કે તને શું થયુ છે ? મારી દિકરી ડરતી હોય મને સરખો જવાબ આપતી ન હોય બાદ મેં આ બાબતે મારી દિકરીને શાંત પાડીને નિરાંતે પૂછતા, દિકરીએ રડતા રડતા પોતાની આપવીતી જણાવેલ કે, સમીર સુમરા સાથે મારે છેલ્લા આશરે ૨ થી ૩ વર્ષ થી પ્રેમસબંધ છે. અને અમે બન્ને અવારનવાર મળતા હતા. મને સમીર સુમરાએ મોબાઇલ આપેલ છે.

જેના થી હું અને સમીર વાતચીત કરતા હતા. રાત્રીના સમીરનો ફોન આવેલ અને મને જણાવેલ કે તું મારી સાથે ચાલ આપણે લગ્ન કરી લઇશુ જેથી હું ઘરેથી રાત્રીના આશરે સાડા ત્રણેક વાગ્યે નીકળીને આ સમીરના એક્સેસ પાછળ બેસીને તેના ઘરે ગયેલ અને તેના ઘરે તેના પરીવારના લોકો હતા અને એક વકીલ હતા જેમણે સલાહ આપેલ કે આ છોકરીની ઉંમર નાની હોય જેથી તમો આને ભક્તિનગર પોલીસ સ્ટેશન લઇને જાઓ જેથી તેના પરીવારના લોકો મને લઇને ભક્તિનગર પોલીસ સ્ટેશન ખાતે ગયેલ અને જ્યાં મારી પૂછપરછ કરેલ પછી ભાઈ ને ફોન કરેલ. એમ મને મારી દિકરી એ જણાવેલ હતું. જે પછી ફરિયાદી માતાએ માલવીયાનગર પોલીસ મથકે સમીર સુમરા સામે સગીરાના અપહરણ અંગે ગુનો દાખલ કરાવતા પોલીસે સમીરની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

## જેલમાં રામધૂનની ધૂમ મચી : રામનવમીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી



રાજકોટ, તા.૧૭: અયોધ્યામાં ભગવાન રામચંદ્રજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા બાદ દેશભરમાં રામમય વાતાવરણ સર્જાયું છે. ત્યારે આજે રામ નવમીના પાવન પર્વ નિમિતે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે રામધુનનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં જેલના તમામ બંદીવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેલના કેદીઓએ ભજન મંડળી દ્વારા શ્રી રામ ભગવાનના ભજન અને ધુન ગાઈ ભાવભેર ઉજવણી કરી હતી. આ તબ્બકે સમગ્ર જેલનુ વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. અને જયશ્રી રામના નાદથી જેલ પરીસર ગુંજી ઉઠ્યું હતું.આ પ્રસંગે જેલના અધિકારી/ કર્મચારીઓ દ્વારા દીપ પ્રગટાવી રામનવમીના પાવન પર્વની ભવ્ય ઉજવણી

## આખરે એક માસ બાદ રેલવે કોલોનીની તરસ છીપાઈ: મનપાએ કપાત કરેલા જોડાણો ફરી જોડી આપ્યા

**■ કોઠી કમ્પાઉન્ડ, લોકો કોલોની, ઝુખડીયા કોલોનીનું પાણી જોડાણ જોઈન્ટ થતાં ૨૦૦૦ પરિવારોએ રાહતનો શ્વાસ લીધો**

રાજકોટ, તા.૧૭: એકાદ માસ પૂર્વે રાજકોટ મ્યુ. કોર્પોરેશન વેરા શાખાએ રેલ્વે તંત્ર પાસે પાણી વેરા સહિતની વેરા વસુલાતમાં વેરો ભરપાઇ નહીં થયાનું જણાવી રેલવે કોલોનીને સપ્લાય થતો પાણી પુરવઠો (નળ જોડાણો) કાપી નાખતા ઉનાળાની ઋતુમાં રેલ્વે કર્મચારીઓના પરિવારજનો મુશ્કેલીમાં મુકાયા હતા.

મ્યુ. કોર્પોરેશન તંત્રએ રેલ્વેને વેરાની લ્હેણી રકમનું લાંબુ લચક બીલ આપી વેરાની પઠાણી ઉઘરાણી સાથે ગત તા.૧૬મી માર્ચે રેલ્વે કોલોનીમાં કોઠી કમ્પાઉન્ડ, લોકો કોલોની અને ઝુખડીયા કોલોનીમાં સપ્લાય થતી પાણીની મુખ્ય પાઇપ લાઇનોના જોડાણ કપાત કરી નાખતા રેલવે તંત્રએ બીજા દિવસે જ વેરાની રકમ ભરપાઇ કરી સાથે મ્યુ. કમિશ્નરને લેખીત જાણ કરી હોવા છતાં પાલિકાએ જોડાણ નહીં કરતા આ ત્રણેય કોલોનીમાં રેલ્વે તંત્રએ ટેન્શનથી પાણી વિતરણ શરુ કર્યું હતું. ટેન્કર સમયે પરિવારજનો વચ્ચે ઝઘડાઓ શરુ થયા હતા. ઉનાળામાં પાણીની અછતથી કર્મચારીઓ અને તેના પરિવારજનો બે તંત્રની લડાઈમાં ભીસાઇ ગયા હતા. લોકોને પ્રાથમિક સુવિધા પુરી પાડવી એ મ્યુ. કોર્પો.ની ફરજ હોવા છતાં કોર્પોરેશને નાહકનો રેલ્વે કર્મચારી-પરિવારોનો ભરઉનાળે વારો કાઢી નાખ્યો હતો. આખરે એક માસ બાદ કોર્પોરેશન તંત્રનાં અધિકારીઓને હૈયે લાગણી જન્મી હોય તેમ ત્રણેય મુખ્ય લાઇનોનાં નળ જોડાણ પુનઃ જોડી આપતા રેલવે કોલોનીમાં પાણી પુરવઠો પુર્વવત થતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો છે.

# રેસકોર્સ રીંગ રોડ પરથી ભાજપના બેનરો ફરિયાદ બાદ ધડાધડ હટાવાયા

### ■ આચારસંહિતામાં હોર્ડિંગ્સમાં મુદ્રક-પ્રકાશકના નામનો છેદ ઉડાડાતા રૂપાલાના હોર્ડિંગ્સ વિરૂદ્ધ ફરિયાદ કરતો ક્ષત્રિય સમાજઃ તાબડતોબ બેનરો ઉતારાયા

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૧૭ઃ રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં ભાજપ દ્વારા આચારસંહિતાનો ભંગ કરાઇ રહ્યાની રાજપૂત-ક્ષત્રિય સમાજની ફરિયાદ બાદ આજે શહેરના રેસકોર્ષ રીંગ રોડ પરથી તાબડતોબ ભાજપના હોર્ડિંગ્સ ચૂંટણી પંચ દ્વારા ઉતારી લેવામાં આવેલ હતા.

આ મામલે ક્ષત્રિય-રાજપૂત સમાજના શૈલેન્દ્રસિંહ જાડેજા સહિતના આગેવાનો દ્વારા ગઈકાલે સી-વીઝીલ એપમાં ઓનલાઇન ફરિયાદ દાખલ કરાયા બાદ આજે જિલ્લા કલેકટર કચેરી ખાતે આગેવાનોએ રૂબરૂ દોડી આવી અધિક કલેકટર (ચૂંટણી)ને રજૂઆત કરી હતી. જે બાદ શહેરના રેસકોર્સ રીંગ રોડ પરથી ભાજપના હોર્ડિંગ્સ તાબડતોબ ઉતારી લેવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. દરમ્યાન શૈલેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે ભાજપ દ્વારા શહેરમાં જે હોર્ડિંગ્સ લગાડવામાં આવેલ તેમાં મુદ્રક-પ્રકાશકનું નામ લખવું અનિવાર્ય છે. પરંતુ ભાજપના આ હોર્ડિંગ્સમાં મુદ્રક-પ્રકાશકનું નામ નહીં લખી આચારસંહિતાનો ખુલ્લેખુલ્લો ભંગ કરાયો છે. આ બાબતે તાબડતોબ પગલા લેવા તેઓએ લોકપ્રતિનિધિ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૨૭-એ મુજબ પગલા લેવા તેઓએ ફરિયાદ કરી હતી.




જે બાદ ચૂંટણી પંચ દ્વારા તાબડતોબ શહેરના રેસકોર્સ રીંગ રોડ પરથી ભાજપના હોર્ડિંગ્સ હટાવવામાં આવેલ છે. પરંતુ આ હોર્ડિંગ્સ હટાવવાની સાથે ભાજપ દ્વારા નવા હોર્ડિંગ્સ લગાવવાની પણ સાથે સાથે કામગીરી થઇ રહી છે તેવું શૈલેન્દ્રસિંહ જાડેજાએ જણાવી ઉમેર્યુ હતું કે આ નવા હોર્ડિંગની સૂચના કોને આપી ? તે એક પ્રશ્ન છે. જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા એક બાજુ આદર્શ આચારસંહિતાનું પાલન થઇ રહ્યાનું ગાણુ ગવાઇ રહ્યું છે જયારે બીજી તરફ સતાધારી ભાજપ પક્ષ દ્વારા ખુલ્લેઆમ આચારસંહિતાનો ભંગ કરવામાં આવી રહ્યો છે. આ બાબતે ચૂંટણી પંચે યોગ્ય પગલા લેવા આવશ્યક છે. શહેરમાં મુદ્રક-પ્રકાશક લખ્યા વગરના ભાજપ દ્વારા જયાં જયાં હોર્ડિંગ્સ લગાવેલ છે તે તમામ હોર્ડિંગ્સ તાબડતોબ દુર કરવામાં આવે તેવી પણ તેઓએ માંગ ઉઠાવી છે. સાથોસાથ તેઓએ ખુલ્લેઆમ આચારસંહિતાનો ભંગ કરતા રાજકીય પક્ષો સામે કાર્યવાહી કરવામાં આવે તેમ પણ જણાવાયું છે.


**હોર્ડિંગ્સ ઉતારવા તંત્ર પાસે માણસો ખૂટી પડ્યા**

રેસકોર્ષ રોડ ફરતે પ્રકાશક-મુદ્રકનો ઉલ્લેખ કર્યા વગરના પોસ્ટરો ભાજપે લગાવ્યા હતા. ક્ષત્રિય સમાજના અગ્રણી વકીલોએ આ અંગે બૌદ્ધિક લડાઈ શરૂ કરી છે. આ તમામ બોર્ડ ઉતારી લેવા ચૂંટણી પંચને ઓનલાઈન એપ્લિકેશન મારફત ફરિયાદ કરી હતી. જેથી ભર બપોરે તંત્ર દોડતું થઈ ગયું હતું. આ અંગે એડવોકેટ શૈલેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું કે, બોર્ડની સંખ્યા વધુ છે એટલે તંત્રના અધિકારીઓએ કહ્યું કે, અમારી પાસે માણસો નથી. અમે ફરિયાદ ચૂંટણી પંચને કરી હતી પણ અહીં હોર્ડિંગ્સ લગાવનાર ખાનગી હોર્ડિંગ્સ એજન્સીને જાણ થઈ જતા તે એજન્સીના માણસો આવી હોર્ડિંગ્સ ઉતારવા લગતા અમે તે અંગે વિરોધ દર્શાવ્યો છે. તંત્રના માણસોએ જ આ હોર્ડિંગ્સ ઉતારવા જોઈએ. જોકે એમ ન થતા અમે પોલીસ બોલાવી છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી સપ્તાહે રાજકોટમાં

**વડાપ્રધાન મોદી પણ આગામી સપ્તાહમાં જૂનાગઢમાં સભા સંબોધશેઃ અમરેલી અને પોરબંદર સહિતની બેઠકોમાં મેસેજ માટે મોદીની રાજકોટના બદલે જૂનાગઢની સભા નિશ્ચિત કરાઇ**

### ■ ક્ષત્રિય વિવાદથી થયેલા ડેમેજ કન્ટ્રોલ માટે કાર્યકર્તા સંમેલનને સંબોધશે



રાજકોટ, તા.૧૭ઃ સમગ્ર ગુજરાત અને દેશમાં હોટ ટોપીક બની ગયેલી રાજકોટ લોકસભા બેઠકમાં ભાજપે હવે તેની વધારે તાકાત હોમવાનો નિર્ણય લીધો છે અને અહીં જે ડેમેજ થયું છે તેમાંથી કાર્યકર્તાઓને ખોટો મેસેજ ન જાય તે માટે કેન્દ્રીય ગૃહ મંત્રી અને ભાજપના ચાણક્ય ગણાતા અમિત શાહ રાજકોટ આવી રહ્યા છે. એક સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રાજકોટનો કાર્યક્રમ ગોઠવાતો હતો પરંતુ હવે શ્રી મોદી જૂનાગઢમાં એક જંગી જાહેરસભાને સંબોધશે અને તેમાં અમરેલી, પોરબંદર સહિતની બેઠકોમાં મેસેજ જાય તે નિશ્ચિત કરશે. જ્યારે બીજી તરફ અમિત શાહ રાજકોટમાં સૌરાષ્ટ્રના કાર્યકર્તાઓની એક વિશાળ સંમેલનને સંબોધીત કરશે અને આ રીતે હાલના ક્ષત્રિય વિવાદમાં ભાજપને જે સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ડેમેજ થવાની ચિંતા છે તેના સામે કાર્યકર્તાઓનો જુસ્સો વધારવા માટે અમિત શાહ ખાસ રાજકોટ આવી રહ્યાનો સંકેત છે અને તેઓનો કાર્યક્રમ આગામી સપ્તાહમાં જ ગોઠવાઇ રહ્યો છે જેથી પ્રચાર શરુ થાય તે પૂર્વે જ કાર્યકર્તાઓને યોગ્ય મેસેજ મળી શકે.

# રાજકોટ અગનગોળો! તાપમાનનો પારો ૪૪ ડિગ્રી

## ■ અત્યાર સુધીનું એપ્રિલ માસનું સૌથી ઉંચુ તાપમાન નોંધાતા નગરજનોએ ભઠ્ઠા શેકનો અનુભવ કર્યોઃ બપોરે ભયંકર તાપથી રાજમાર્ગો- માર્કેટ સુમસામ

રાજકોટ, તા.૧૭ઃ રાજકોટ શહેરમાં આજરોજ પણ મોદી સવારથી જ સૂર્યદેવતાએ રૌદ્ર સ્વરૂપનાં દર્શન કરાવ્યા હતા. ગઈકાલે ૪૧.૫ ડિગ્રી તાપમાન બાદ આજરોજ પણ સવારે ૧૧ વાગ્યાથી જ આકાશમાંથી અગનવર્ષા થવા લાગતા નગરજનો આકુળ વ્યાકુળ થઈ જવા પામ્યા હતા. બપોરે ભયંકર અને અસહ્ય તાપનાં કારણે સિધી જનજીવન ઉપર અસર દેખાઈ હતી અને રાજમાર્ગો ઉપર સાવ પાંખો ટ્રાફિક નજરે પડયો હતો તો બજારો પણ સુમસામ થઈ ગઈ હતી. આજે બપોરે ૨.૩૦ કલાકે જ શહેરનું તાપમાન ૪૩.૪ ડીગ્રી સુધી પહોંચી જતા લોકોએ ભઠ્ઠા શેકનો અનુભવ કરેલ હતો. બપોરે અઢી કલાકે હવામાં ભેજ ૧૯ ટકા રહ્યો હતો અને પવનની ઝડપ ૧૦ કી.મી. પ્રતિકલાક રહેતા આગ ઝડતી લું પણ અનુભવાઈ હતી. જયારે, આજે સવારે ૮.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૨૯.૪ ડીગ્રી અને લઘુતમ તાપમાન ૨૪.૫ ડીગ્રી નોંધાયુ હતું. તેમજ સવારે હવામાં ભેજ ૬૨ ટકા રહ્યો હતો. અને પવનની સરેરાશ ઝડપ ૮ કી.મી. રહેવા પામી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગે હિટવેવની આગાહી કરી છે અને ખાસ કરીને રાજકોટ, કચ્છ, સુરેન્દ્રનગર અને પોરબંદરમાં તાપમાનનો પારો ૪૨થી૪૩ ડીગ્રી ઉપર પહોંચી જવાની શકયતા હવામાન વિભાગે દર્શાવી છે. અત્રે સૌથી નોંધનીય બાબત એ છે કે, મોટાભાગે રાજકોટમાં મે માસ દરમ્યાન મહતમ તાપમાન ૪૪ ડીગ્રી સુધી પહોંચે છે. પરંતુ આ વર્ષે સૌપ્રથમ વાર જ એપ્રિલમાં તાપમાનનો પારો ૪૪ ડીગ્રી સુધી પહોંચી જતા શહેરીજનો ત્રસ્ત થઈ ગયા હતા. હવામાન વિભાગ દ્વારા એવી આગાહી કરવામાં આવી છે કે આવતા બે દિવસ તાપમાનમાં કોઈ રાહત નહીં મળે પરંતુ ત્યારબાદ પારો બે થી ત્રણ ડીગ્રી નીચે આવી શકે છે. સૌરાષ્ટ્રમાં પોરબંદર, જુનાગઢ તથા ગીર સોમનાથમાં હીટવેવની હાલત સર્જાવાની સંભાવના છે. હવામાન વિભાગ દ્વારા પણ બાળકો, વૃદ્ધો તથા ગંભીર બિમારીથી પીડાતા લોકોને આરોગ્યની કાળજી લેવા સૂચના આપવામાં આવી છે. ખુલ્લા તાપમાં બહાર નહીં નીકળવા, લાઈટ કલરના કોટનના કપડા પહેરવા, માથુ ઢાંકીને રાખવા જેવી સલાહ આપવામાં આવી છે.



# સફાઈ કામગીરી સાથે સંકળાયેલા બહેનો માટે સ્વસહાય જૂથની રચના અંગે બેઠક મળી

## ■ જુથની રચના, ભૂમિકા તથા સ્વચ્છતા અંગે બહેનોને માહિતગાર કરાયા

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૧૭ઃ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ અંતર્ગત સ્વચ્છતા માટે કાર્યરત મહિલાઓની ભાગીદારી અને લીડરશીપને મજબુત બનાવવા માટે તા.૧૫નાં રોજ વોર્ડ નં.૧૩માં વોર્ડ ઓફીસ ખાતે માર્ગદર્શક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સફાઈ કામગીરી સાથે સંકળાયેલ



બહેનો માટે સ્વ-સહાય જૂથની રચના, ભૂમિકા તથા સ્વચ્છતા માટે જૂથના યોગદાન વિગેરે વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ મીટીંગમાં સ્વ-સહાય જૂથની રચનાથી મહિલા નેતૃત્વ મજબુત બને અને જૂથ થકી થતા ફાયદાઓથી માહિતીગાર કરવામાં આવ્યા સાથોસાથ મહિલાઓને સ્વચ્છતા અંગે માહિતી માર્ગદર્શન મળી રહે તેમજ આ બહેનો સફાઈ કામગીરી સાથે જોડાયેલ હોય તેમના દ્વારા શહેરને સ્વચ્છ રાખવામાં મહત્વની ભૂમિકા નિભાવવામાં આવતી હોય લોકજાગૃતિ માટે તેમના કાર્યક્ષેત્રમાં લોકો સ્વચ્છતા પ્રત્યે સભાન બને તે માટે પ્રયત્નો કરવા પણ જણાવવામાં આવેલ હતુ. જેમાં બહેનોને સૂકા અને ભીના કચરાના વર્ગીકરણ અંગે માર્ગદર્શન, ૩આર(રીડયુઝ, રીયુઝ અને રીસાઈકલ) તથા કીચન વેસ્ટના હોમ કોમ્પોસ્ટીંગ અંગેની માહિતી આસિસ્ટન્ટ પર્યાવરણ શ્રી ખેવનાબેન વકાણી તથા વોર્ડ ન.૧૩ નાં સેનેટરી ઈન્સ્પેકટર શ્રી નીલેશભાઈ કાચા તેમજ

# ધોરાજી સમસ્ત હિંદુઓ ઉત્સવ સમિતિ દ્વારા ભવ્ય રામનવમી નિમિત્તે શોભાયાત્રા નીકળી

## શોભાયાત્રાનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરાયું

(સામના મિરર, સંવાદદાતા)

ધોરાજી, તા. ૧૭ઃ- સમસ્ત હિન્દુ ત્વ સમિતિ (ભક્ત શ્રી તેજાબાપા અન્ન ક્ષેત્ર સહાયક ટ્રસ્ટ) દ્વારા રામ નવમી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી.

ધોરાજીના રાખોલીયા ચોક રામ મંદિર ખાતે રામ મંદિરના પૂજારી કનુભાઈ ભાવાંનદી દ્વારા ભગવાન શ્રી રામના મંદિરમાં મહા આરતી દ્વારા ભગવાન શ્રી રામનો પ્રાગટ્ય ઉત્સવનો પ્રારંભ કરી ભવ્ય શોભા યાત્રાનો પ્રારંભ કરવામાં આવેલો હતો. શોભાયાત્રા ધોરાજીના રામ મંદિર ચોકથી પ્રારંભ થઈ જમનાવડ રોડ પોસ્ટ ઓફિસ ચોક જેતપુર રોડ આવેડા ચોક જીન મિલ રોડ માધવ ગૌશાળા ચોક શાકમાર્કેટ થઈ સોની બજાર મેન બજાર ત્રણ દરવાજા થઈ સ્ટેશન રોડ થઈ અને રામ મંદિર ખાતે પૂર્ણ થયેલ હતી


તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

શોભાયાત્રામાં વિવિધ અલગ અલગ શણગારેલા ફ્લોટો ભગવાન શ્રીરામની કલાકૃતિ સાથેના અભિનય સાથેના ફ્લોટો તેમજ ભક્તશ્રી તેજાબાપા અને શિવ શક્તિ ગ્રુપનું ડાંડિયારાસનો આકર્ષણ વગેરે ખૂબ જ સુંદર રામનવમી નિમિત્તે શોભાયાત્રા નીકળી હતી જેમાં પોરબંદર લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર લલિતભાઈ વસોયા વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લાના મંત્રી પ્રફુલભાઈ જાની અખિલ ભારતીય વિશ્વકર્મા મહાસભાના રાષ્ટ્રીય અગ્રણી કિશોરભાઈ રાઠોડ ધોરાજી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ લલીતભાઈ વોરા ધોરાજી માર્કેટિંગ યાર્ડના ચેરમેન હરકિશનભાઈ માવાણી ધોરાજી વિશ્વ હિન્દુ પરિષદના મનીષભાઈ સોલંકી ધોરાજી ખોડલધામ સમિતિના પ્રમુખ અરવિંદભાઈ વોરા ધોરાજી શહેર ભાજપના પ્રમુખ રાજુભાઈ બાલધા કે.પી માવાણી નીતિનભાઈ જાગાણી ભક્તશ્રી તેજાબાપા ટ્રસ્ટના પ્રમુખ આર.કે કોયાણી તેમજ સુરેશભાઈ વઘાસિયા સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા

રાજકોટ નાગરિક સહકારી બેંક ના કન્વીનર લલીતભાઈ વોરા ચંદુભાઈ ચોવટીયા વિઠ્ઠલભાઈ કોરડીયા વિગેરે અગ્રણીઓ તેમજ માધવ ગૌશાળા ખાતે ભુપતભાઈ કોયાણી સહિત અગ્રણીઓ તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવેલું હતું

શોભાયાત્રામાં કાયદો અને વ્યવસ્થા બાબતે ધોરાજીના પોલીસ ઈન્સ્પેક્ટર રવિ ગોધમ પીએસઆઇ ગોહેલ રમણીકભાઈ મણવર સહિત પોલીસ સ્ટાફ સધન પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો.

પોરબંદર લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર લલીતભાઈ વસોયા શોભાયાત્રામાં જોડાતા તેમની સાથે શહેર ભાજપના પ્રમુખ રાજુભાઈ બાલધા ખોડલધામના પ્રમુખ અરવિંદભાઈ વોરા કોંગ્રેસના આગ્રની દિનેશભાઈ ટોપીયા મહામંત્રી ચિરાગભાઈ વોરા તેમજ ભાજપના નીતિનભાઈ જાગાણી આર કે કોયાણી સુરેશભાઈ વઘાસિયા સહિત અગ્રણીઓ એક સાથે જોવા મળ્યા હતા અને જય શ્રી રામના નારા સાથે શોભાયાત્રામાં નગરમાં ભર્મણ કર્યું હતું આમ લોકોએ પણ જણાવ્યું કે ભાજપ કોંગ્રેસના નેતાઓ ચૂંટણીના સમયમાં પણ ભગવાન રામમય થઈ ગયા છે.

# શ્રી રામ જન્મોત્સવ સમિતિ દ્વારા સાવરકુંડલામાં ભવ્ય રામનવમી શોભાયાત્રાનું આયોજન કરાયું હતું






રિપોર્ટરઃ યોગેશ ઉનડકટ સાવરકુંડલા

સાવરકુંડલા, તા. ૧૭ઃ શ્રી રામ જન્મોત્સવ સમિતિ દ્વારા આયોજિત ભવ્ય શોભાયાત્રા આજે શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. રામનવમીના પવિત્ર પ્રસંગે યોજાયેલી આ શોભાયાત્રામાં ભગવાન શ્રી રામની ઝાંખીઓ દર્શાવતી અનેક ટુકડીઓએ ભાગ લીધો હતો.


શોભાયાત્રામાં ભગવાન શ્રી રામના રજવાડી રથ, ટ્રેક્ટર, ફૂલોથી સજ્જ ગાડીઓ, ડીજે, ઊંધ ગાડી, ઘોડા અને ભજન મંડળોનો સમાવેશ થતો હતો. ભક્તોએ ભગવાન શ્રી રામના નામના જયકારા સાવરકુંડલા નગર ગુંજી ઉઠ્યો હતો. આ શોભાયાત્રાનો પ્રારંભ શહેરના પ્રખ્યાત સનાતન આશ્રમ ખાતેથી થયો હતો અને શહેરના મુખ્ય માર્ગો પર ફરીને પુનઃ રામજી મંદિરે પરત ફરી હતી. સમગ્ર શહેરમાં ભક્તિભર્યો માહોલ છવાઈ ગયો હતો. આ પરંપરાગત શોભાયાત્રા છેલ્લા ૪૧ વર્ષથી દર વર્ષે ભવ્ય રીતે યોજાઈ રહી છે. આ વર્ષે પણ સમગ્ર અમરેલી જિલ્લામાં ૨૨ જેટલી શોભાયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સાવરકુંડલાના નગરજનો દ્વારા ભગવાન શ્રી રામ પર પ્રાર્થના કરવામાં આવી હતી કે તેઓ સૌ પર કૃપા કરે અને તેમના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, સંયમ અને વિવેક આપે. તેમ શ્રી રામ જન્મોત્સવ સમિતિ, સાવરકુંડલા એક યાદીમાં જણાવે છે.

# ૧ કરોડના ડ્રગ્સ સાથે જામનગરના ત્રણ શખસ ઝડપાયા

## અમીરગઢ ચેકપોસ્ટ પર ક્રેટા કારની તલાશી લેતા હેરાફેરીનો પર્દાફાશ થયો

(સામના મિરર, સંવાદદાતા)

પાલનપુર, તા. ૧૭ઃ લોકસભા ચૂંટણીના પગલે ગુજરાત-રાજસ્થાન બોર્ડર પર ચેકિંગ વધારી દેવામાં આવ્યું છે. બનાસકાંઠા જિલ્લાની અમીરગઢ ચેકપોસ્ટ પર ચેકિંગ દરમિયાન જામનગર પાસિંગની એક ક્રેટા કારમાંથી ૧ કિલોથી વધુ મેથાએમ્ફેટામાઈન નામનું ડ્રગ્સ ઝડપાતા ચકચાર મચી છે. ૧ કરોડથી વધુની કિંમતના ડ્રગ્સ સાથે ઝડપાયેલા ત્રણેય લોકો જામનગરના હોવાનું સામે આવ્યું છે. ત્રણેય શખ્સોએ ડ્રગ્સનો આ જથ્થો વાપીની મહારાષ્ટ્ર બોર્ડર પરથી મેળવ્યા બાદ અજમેર ગયા હતા અને અજમેરથી પરત ગુજરાત આવી રહ્યા હતા ત્યારે ઝડપાઈ ગયા હતા. ડ્રગ્સનો આ જથ્થો કોને આપવાનો હતો તેને લઈ પોલીસ દ્વારા હાલ ત્રણેયની પૂછપરછ કરવામાં આવી રહી છે.



લોકસભા ચૂંટણીના પગલે બનાસકાંઠા જિલ્લાની અન્ય રાજ્યને જોડતી ચેકપોસ્ટ પર ચેકિંગ વધારી દેવામાં આવ્યું છે. બનાસકાંઠા જિલ્લામાં હાલ બે કાયમી ચેકપોસ્ટ ઉપરાંત ચાર હંગામી ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે. અમીરગઢ ચેકપોસ્ટ પર પોલીસ ચેકિંગ કરી રહી હતી ત્યારે રાજસ્થાન તરફથી આવી રહેલી જામનગર પાસિંગની એક ક્રેટા કારની તલાશી લેતા તેમાંથી ૧૦૪૭ ગ્રામ મેથાએમ્ફેટામાઈન નામનું ડ્રગ્સ મળી આવ્યું હતું.

જામનગર પાસિંગની ક્રેટા કારમાંથી ડ્રગ્સ સાથે જે ત્રણ શખ્સો ઝડપાયેલા છે તેઓના નામ ઈસરાકભાઈ બ્લોચ, સોહેલ સંધી અને અસલમ અબ્દુલસત્તાર દરજાદા છે. જેઓ તમામ જામનગર શહેરના રહેવાસી છે. પોલીસે આ મામલે આરોપીઓ વિરુદ્ધ ગઉડજ એક્ટ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓ આ ડ્રગ્સનો જથ્થો કોને આપવાના હતા તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ અંગે અમીરગઢ પોલીસ સ્ટેશનના પીઆઈ ધવલ પટેલે જણાવ્યું હતું કે, અમીરગઢ બોર્ડર પર વાહન ચેકિંગ દરમિયાન કારમાંથી ત્રણ શખ્સો ૧ કરોડથી વધુ કિંમતના મેથાએમ્ફેટામાઈન ડ્રગ્સ સાથે ઝડપાયા છે. ત્રણેય શખ્સોની પ્રાથમિક પૂછપરછ કરતા તેઓએ આ જથ્થો વાપી બોર્ડર પરથી મુંબઈના કોઈ શખ્સ પાસેથી લીધું હતું. ત્યારબાદ તેઓ કારમાં અજમેર ગયા હતા. અજમેરથી પરત ગુજરાત આવી રહ્યા હતા ત્યારે અમીરગઢ ચેકપોસ્ટ

## વેરાવળમાં લોહાણા મહાજન દ્વારા પ્રભુ શ્રી રામના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરી



અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૧૭ઃ આજે રઘુવંશી કુળના આરાધ્ય દેવ એવા મર્યાદા પુરૂષોતમ પ્રભુ શ્રી રામ ના જન્મોત્સવની વેરાવળ લોહાણા મહાજન વંડી ખાતે મહાજન પ્રમુખ વિક્રમભાઈ તન્ના અને ઉપપ્રમુખ મુકેશભાઈ રૂપારેલીયાની આગેવાનીમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રભુ શ્રી રામ, લક્ષમણ અને સીતાજીના કટ આઉટ સાથે વિશાળ ફ્લોટ તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં બપોરે બાર વાગ્યે પ્રભુ શ્રી રામ ના બાળ સ્વરૂપને જુલામાં બેસાડીને પુજા આરતી કરવાની સાથે ઝુલાવવામાં આવેલ ત્યારે ઉપસ્થિત મોટી સંખ્યામાં સર્વે જ્ઞાતિજનોએ પૂજાનો સ્વહસ્તે લ્હાવો લીધો હતો. પ્રભુ શ્રી રામ ના આગમનને બહેનોએ રાસ રમીને આવકાર્યા હતા. બાદમાં સમૂહ ફરાળ પ્રસાદી યોજાયેલ જેનો સર્વે જ્ઞાતિજનોએ લ્હાવો લીધો હતો. આમ લોહાણા મહાજન દ્વારા રઘુકુળના આરાધ્ય દેવ પ્રભુ શ્રી રામ ના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

## ગોંડલમાં પર્યાવરણ વિષયક ચિત્ર સ્પર્ધાનું આયોજન




ગોંડલ, તા. ૧૭ઃ તાજેતરમાં માનવસેવા ચેરિટેબલ ટ્રસ્ટ ગોંડલ દ્વારા પર્યાવરણ વિષયક ધોરણ ૧ થી ૧૧ ના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં ૧૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. કાર્યક્રમની શરુઆત દિપ પ્રાગટ્યથી કરવામાં આવેલ. વિખ્યાત ચિત્રકાર પેઈન્ટર મુનીરભાઈ બુખારી તથા કિશોરભાઈ સોલંકી દ્વારા વિજેતાઓની પસંદગી કરવામાં આવેલ. વસુધૈવ કુટુમ્બકમ ટ્રસ્ટ તરફથી વિજેતાઓને ટ્રોફી આપવામાં આવેલ. એચ. બી. વી. ઠકરાર મેમોરીયલ ટ્રસ્ટ તથા યુનિટી ઈંગ્લીશ એકેડેમી તરફથી ધોરણ દિઠ ૧૧-૧૧ વિજેતાઓને ગોલ્ડ, સિલ્વર તથા બ્રોંઝ મેડેલ આપવામાં આવેલ. નિસ્વાર્થ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી વિજેતાઓને કલરીંગ સેટ આપવામાં આવેલ. માનવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી વિજેતાઓને ટ્રોફી, રાઈટીંગ પેડ, વોટર બોટલ તથા દરેક પ્રતિયોગીઓને સ્કેચપેન અને સર્ટિફિકેટ આપવામાં આવેલ. જ્ઞાનસાગર એકેડેમી દ્વારા નાસ્તો તથા કોલ્ડડ્રીંકની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ના સભ્યો દ્વારા તમામ સંસ્થાઓના સભ્યોનું સન્માન મેમેંટો આપીને કરવામાં આવેલ અને કાર્યક્રમને સફળ બનાવવા માટે આભાર વ્યકત કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે બંટીભાઈ ભુવા, પ્રકાશભાઈ ઠકરાર, ભાવિનભાઈ જોબનપુત્રા, એડવોકેટ રવિરાજભાઈ ઠકરાર, મહેશભાઈ વાડોદરિયા, જેન્તીભાઈ સેલડીયા, અલ્પેશભાઈ ઉંધાડ, કેતનભાઈ પટેલ, રાજેનભાઈ ગોહેલ, વર્ષાબેન મોઢવાણીયા, અંકિતાબેન પટેલ ,ક્રિષ્નાબેન ઠકરાર, સુનીતાબેન જોબનપુત્રા, દિશાબેન ઠકરાર, રીદ્ધીબેન ડાભી તથા સમગ્ર ટીમ દ્વારા જહેમત ઉઠાવેલ.

# અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર ટેન્કર પાછળ કાર ઘૂસી જતાં ૧૦ લોકોના મોત : હાઈવે પર હચમચાવી દેતા દૃશ્યો સર્જાયાં




## મૃતકો વડોદરા, અમદાવાદ અને નડિયાદના રહેવાસી : રસ્તા પર લાશોના ઢગલા

અમદાવાદ / વડોદરા : અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર નડિયાદ પાસે કાર અને ટેન્કર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતાં ૧૦ લોકોનાં મોત નીપજ્યાં છે. વડોદરાથી અમદાવાદ તરફ આવી રહેલી કાર ટેન્કરની પાછળ ઘૂસી જતાં કારમાં સવાર તમામ લોકોનાં મોત નીપજ્યાં હતાં. પોલીસ દ્વારા ચાર મૃતકની ઓળખ કરી લેવામાં આવી છે, જ્યારે અન્ય ૬ની ઓળખ મેળવવા માટે તપાસ હાથ ધરી છે. મૃતકો અલગ અલગ શહેરના હોવાનું સામે આવ્યું છે.

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર એક કાર વડોદરાથી અમદાવાદ તરફ જઈ રહી હતી ત્યારે નડિયાદ નજીક ટેન્કર પાછળ ધડાકાભેર ઘૂસી જતાં હાઈવે પર મરણચીસો ગુંજી ઊઠી હતી.

ટેન્કર પાછળ જે કાર ઘૂસી ગઈ એમાં કુલ ૧૦ લોકો સવાર હતા, જેમાંથી ૮ લોકોનાં ઘટનાસ્થળ પર જ મોત નીપજ્યાં હતાં, જ્યારે બે લોકોને ગંભીર ઈજા થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન તેમનાં પણ મોત નીપજતાં કુલ મૃત્યુઆંક ૧૦ થયો છે.

**ટેન્કરમાં ખામી સર્જાતાં રોડની સાઈડમાં ઊભું હતું- એસપી**

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર ગમખ્વાર અકસ્માત સર્જાતાં ખેડા જિલ્લા પોલીસવડા અને કલેક્ટર સહિતના અધિકારીઓ ઘટનાસ્થળ પર પહોંચ્યા હતા. જિલ્લા પોલીસવડા રાજેશ ગઢિયાએ કહ્યું હતું કે ટેન્કરમાં ખામી સર્જાઈ હોવાના કારણે રસ્તાની સાઈડમાં ઊભું હતું.

ત્યારે વડોદરાથી અમદાવાદ તરફ જઈ રહેલી અર્ટિગા કાર પાછળથી અથડાઈ હતી. અકસ્માતમાં ૮ લોકોનાં ઘટનાસ્થળ પર મોત થયાં છે, જ્યારે બે લોકોનાં સારવાર દરમિયાન મોત નીપજ્યાં છે. તમામ મૃતકોના સંબંધીઓનો સંપર્ક કરવાનો પ્રયાસ ચાલુ છે. ચાર મૃતકની ઓળખ થઈ છે. ટેન્કર પુણેથી જમ્મુ જઈ રહ્યું હતું.

# ગુજરાત-રાજસ્થાન ચેકપોસ્ટ પર બસમાંથી ૧૨ કિલો ચાંદી પકડાઈ

બનાસકાંઠા,તા.૧૭

ધાનેરા પોલીસ સ્ટાફ દ્વારા નેનાવા ચેકપોસ્ટ ચેકીંગ દરમ્યાન રાજસ્થાન જોધપુર ડેપોની બસમાં ડ્રાઈવર પાસેથી ૧૨ કિલો ચાંદી ઝડપી હતી.ગેરકાયદે ચાંદીની હેરફેર કરવાના મામલે બસ ડ્રાઈવરની અટકાયત કરવામાં આવી હતી.

જાણવા મળતી વિગત અનુસાર, સોમવારે ધાનેરા પોલીસ સ્ટાફ નેનાવા ચેકપોસ્ટ પર પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બાતમી મળી કે રાજસ્થાનની બસમાં ચાંદી આવી રહી છે. આથી નેનાવા ચેકપોસ્ટ ઉપર ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

જેમાં રાજસ્થાનના જોધપુર ડેપોની બસની ચકાસણી કરતા બસ ડ્રાઈવરની સીટ નજીકથી ચાંદી ભરેલ બેગ મળી આવી હતી.જે બેગ ખોલતા ૧૨ કિલો ચાંદી મળી આવ્યું હતું.ડ્રાઈવરના જણાવાનું જોધપુરના વેપારી ચાંદી ડીસા પહોંચાડવાનું હતું.

તપાસ દરમ્યાન ચાંદીનો જથ્થો શંકાસ્પદ જણાતા ગેરકાયદે ચાંદીની હેરાફેરી કરવા મામલે ડ્રાઈવરની અટકાયત કરવામાં આવી ધાનેરા પોલીસ સ્ટાફ દ્વારા નેનાવા ચેકપોસ્ટ ચેકીંગ દરમ્યાન રાજસ્થાન જોધપુર ડેપોની બસમાં ડ્રાઈવર



પાસેથી ૧૨ કિલો ચાંદી ઝડપી હતી.ગેરકાયદે ચાંદીની હેરફેર કરવાના મામલે બસ ડ્રાઈવરની અટકાયત કરવામાં આવી હતી.

જાણવા મળતી વિગત અનુસાર, સોમવારે ધાનેરા પોલીસ સ્ટાફ નેનાવા ચેકપોસ્ટ પર પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બાતમી મળી કે રાજસ્થાનની બસમાં ચાંદી આવી રહી છે. આથી નેનાવા ચેકપોસ્ટ ઉપર ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

જેમાં રાજસ્થાનના જોધપુર ડેપોની બસની ચકાસણી કરતા બસ ડ્રાઈવરની સીટ નજીકથી ચાંદી ભરેલ બેગ મળી આવી હતી.જે બેગ ખોલતા ૧૨ કિલો ચાંદી મળી આવ્યું હતું.ડ્રાઈવરના જણાવાનું જોધપુરના વેપારી ચાંદી ડીસા પહોંચાડવાનું હતું.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# મધ્યપુર્વ તનાવના કારણે ગુજરાતથી થતી નિકાસ મોંઘીઃ ૪૦% જેટલો ખર્ચ વધ્યો

### રેડ–સી માર્ગે આવતા જતા વ્યાપારીક જહાજોના ભાડા– વિમા ખર્ચ વધી ગયોઃ ફાર્મા સહિતના ક્ષેત્રોને અસર

અમદાવાદઃ દેશનો સૌથી મોટો દરિયાકિનારો ધરાવતા ગુજરાતમાંથી દરિયાઈ માર્ગે જતી નિકાસને એક બાદ એક ફેકટર અસર કરી રહ્યા છે. રાજયના નાના-લઘુ તથા મધ્યમ કક્ષાના ઉદ્યોગો ઉપરાંત જે મેગા ઈન્ડસ્ટ્રીઝ છે તેની તમામ નિકાસ રાજયના દરિયાઈ માર્ગે થાય છે પણ ગત વર્ષે ગુજરાત એગ્રો લી.નું કાર્ગો કોમ્પ્લેક્સ બંધ થતા નાના ઉદ્યોગો માટે વધુ મોંઘી દરિયાઈ નિકાસ સુવિધા ભણી વળવું પડયું હતું.

તો હવે ઈઝરાયેલ પર હુમલાના પગલે જે મધ્યપુર્વ અને ખાસ કરીને રેડ-સી ક્ષેત્રમાં તનાવ છે તથા હવે ઈરાન પણ આ તનાવમાં જોડાયુ છે તે પછી ગુજરાતના એગ્રો, ફાર્મા અને કેમીકલ સહિતના ક્ષેત્રોને મળેલો નિકાસ ખર્ચ પરેશાન કરી રહ્યા છે.

રેડ-સી તનાવથી દરિયાઈ માર્ગો પર શિપમેન્ટ મોંઘુ બનાવ્યુ છે. જહાજી ભાડા ઉપરાંત વિમા ખર્ચ પણ વધી ગયો છે અને અનેક નિકાસકારો જેઓને સમય મર્યાદામાં નિકાસ કરવી ફરજીયાત હોય તેઓને એર-શીપીંગનો સહારો લેવો પડતા તે ખર્ચ પણ વધ્યો છે.

ખાસ કરીને અમેરિકા, યુરોપ અને મધ્યપુર્વ જેવા ક્ષેત્રોમાં ગુજરાતની નિકાસ નોંધપાત્ર છે અને ગુજરાતમાં એક કાર્ગો સેવા બંધ થતા મુંબઈ સહિતના ક્ષેત્રો ભણી તેઓને નિકાસ માટે માલ મોકલવાની ફરજ પડી રહી છે અને તેના કારણે શિપમેન્ટ ખર્ચ ૪૦% સુધી મળી જતા ઓછી નિકાસથી સ્પર્ધાત્મક બજારોમાં નિકાસકારોને રહેવુ પણ મુશ્કેલ બની ગયુ છે.

ફકત ઔદ્યોગીક ઘરેલુ નિકાસ જેમાં પોતાના વિદેશ વસતા સગા-સંબંધીઓને નિયમીત રીતે મસાલા સહિતની ચીજો વિદેશ મોકલે છે. તેઓને પણ પ્રતિકિલો ભાવ રૂા.૪૦૦થી વધીને રૂા.૭૦૦ થયા છે અને તે ઘરેલું નિકાસ પણ ઘટી ગઈ છે. ખાસ કરીને ફાર્મા ક્ષેત્ર જેઓ માટે અમેરિકા-યુરોપ સહિતના મોટા બજારો છે.

તેઓને રેડ-સી કટોકટી સૌથી મોટી અસર કરી રહી છે. શાકભાજી ફળો અને સી-ફુડ સહિતની નિકાસમાં એર કાર્ગોની સુવિધા પણ અપુરતી સાબીત થઈ રહી છે અને ઝડપથી મોકલવો પડે તે માર્ગ વિલંબથી મળી રહ્યા છે.



# વકીલાત નિષ્ણાત વ્યવસાયિક કાર્ય છે, દરેક વ્યકિત એ ન કરી શકેઃ હાઈકોર્ટ

### ડિવોર્સના એક કેસમાં પાર્ટી ઈન પર્સન તરીકે આવેલી પત્નીને હાઈકોર્ટની ટકોર

ડિવોર્સના એક કેસમાં ગાંધીનગર અને અમદાવાદની કોર્ટના હુકૂમત ક્ષેત્રનો મુદ્દો લઈને એક પત્નીએ ચીફ જસ્ટિસની કોર્ટમાં રજૂઆતો કરી હતી.જો કે પાર્ટી ઈન પર્સન તરીકે ઉપસ્થિત પત્ની કાનૂની મુદ્દા સમજી નહીં શકતાં ચીફ જસ્ટિસની ખંડપીઠે ટકોર કરી હતી. કે તમે તમારા કેસના તથ્યો સારી રીતે જાણતા હશો પરંતુ કાનૂની બાબતોથી તમને માહિતગાર જણાતા નથી એટલા માટે જ કોર્ટમાં એડવોકેટની સેવા માટે જ કોર્ટમાં એડવોકેટની સેવા ઉપલબ્ધ હોય છે.

વકીલાતનો વ્યવસાય નિષ્ણાંત કાર્ય છે અને દરેક વ્યકિતએ કરી શકે નહી હાઈકોર્ટની સમજાવટ બાદ મહિલાએ કાનૂની મદદ લેવાનું સ્વીકાર કર્યું હતું.આ કેસમાં એવી હકીકત સામે આવી હતીકે પતિએ ગાંધીનગરમાં ડિવોર્સ પિટિશન પેન્ડિંગ છે પત્ની લગ્ન બાદ પતિ સાથે ગાંધીનગર રહેતી હતી.જયારે કે લગ્ન અમદાવાદ ખાતે થયા હતા.તેથી અમદાવાદ અને ગાંધીનગર બંને કોર્ટના હુકૂમત ક્ષેત્ર (જયુરિડિકશન)ની બાબત ઉભી થઈ હતી. પતિએ ગાંધીનગરની કોર્ટમાં ડિવોર્સની અરજી કરી હતી.

તેથી પત્ની હાઈકોર્ટ સમક્ષ આવી હતી.અને અમદાવાદ કોર્ટનું જયુરિડિકશન લાગતું હોવાની દલીલ કરી હતી. ત્યારે કોર્ટે કહ્યું હતું. કે આ કેસમાં બંને કોર્ટની હુકૂમત ક્ષેત્ર આવે છે. કોર્ટે એવી ટકોર કરી હતી કે તમે અમારી વાત સમજી શકતા નથી અને કાયદો પણ સમજી શકતા નથી અડધું જ્ઞાન કયારેક ખુબ ખતરનાક બની જાય છે જો તમને એડવોકેટ જોઈતા હોય તો અમે લિગલ ડિપાર્ટમેન્ટમાંથી તમને એડવોકેટ અપાવી શકીએ છીએ.

પરંતુ તમે આ રીતે કાયદાના અલ્પ જ્ઞાન સાથે કોર્ટ સમક્ષ દલીલો કરશો તો કોઈ ઉકેલ આવશે નહીં.કયારેક કયારેક પાર્ટીઈન પર્સન પોતાના કેસો સમજી શકતા નથી કોર્ટમાં એડવોકેટ્સ આ કામ માટે જ હોય છે. તમે રિસર્ચ કર્યો હોઈ શકે પરંતુ અમે નહી રિસર્ચ પેપર્સ ડિસાઈડ કરવા માટે બેઠા નથી અમે અહીં કાયદાનો નિર્ણ કરવા બેઠા છીએ.તમારા કેસમાં બંને કોર્ટની હુકૂમત લાગે છે અને અરજદાર ઈચ્છે ત્યાં કેસ કરી શકે એમ છે.આવા તબકકે તમે અન્ય વસ્તુઓ કહીને સમય વ્યય કરી રહ્યા છો વકીલાતનું કામ ઉચ્ચ વ્યાવસાયિક કામ છે, દરેક વ્યકિતએન કરી શકે.

# સુર્યવંશી રામલલ્લાના લલાટે સૂર્યતિલક!

**વૈજ્ઞાનિક ટેકનોલોજીની મદદથી રામલલ્લાના લલાટે સૂર્યાભિષેકથી ગર્ભગૃહમાં અલૌકિક નજારોઃ વિધિ વિધાન, પુજા, મંગલ ગીતો, ભજનો ગાન સાથે જન્મોત્સવ ઉજવાયો**



અયોધ્યાના નવનિર્મિત રામમંદિરમાં આજે રામનવમીએ અલૌકીક ઘટના બની હતી. મંદિરમાં બિરાજમાન રામલલ્લાને સૂર્યદેવે તિલક કર્યુ હતું, અર્થાત રામલલ્લાના લલાટ પર વિજ્ઞાનની મદદથી સૂર્યની કિરણો પરાવર્તિત કરી અભિષેક કરાઈ હતી.

બપોરે ૧૨.૦૧ વાગ્યે સૂર્ય કિરણ અભિષેકનો જીવંત આરંભ થયો હતો જે લગભગ પાંચ મિનિટ સુધી ચાલ્યો હતો. સૂર્યનું પ્રથમ કિરણ જેવું રામલલ્લાના મસ્તક પર પહોંચ્યું તો મંદિરનું વાતાવરણ ભક્તિમાં ડૂબી ગયું હતું.


આ તકે વિધિવિધાન સાથે ભગવાન રામની પૂજા કરવામાં આવી હતી અને ભગવાન રામના જન્મોત્સવ પ્રસંગે પૂજાની સાથે સાથે મંગલ ગીત અને ભજનો ગવાયા હતા.

રામલલ્લાની સૂર્યાભિષેકની તસવીરો ટીવી ચેનલો અને સોશિયલ મીડીયામાં પણ વાયરલ થઈ છે, જે જોઈને સૌ કોઈ મંત્રમુગ્ધ બન્યા છે. સૂર્યાભિષેકનું મહત્વઃ ઉલ્લેખનીય છે કે ભગવાન રામનો જન્મ સૂર્યવંશમાં થયો હતો અને તેમના કુળદેવતા સૂર્યદેવતા છે.

જયારે ભગવાન રામનો જન્મ થયો ત્યારે અભિજીત મુર્હુત હતું અને સૂર્યદેવ પોતાના પુર્ણ પ્રભાવમાં હતા એટલે રામનવમીએ રામલલ્લાને સૂર્ય અભિષેકનું ખાસ મહત્વ છે.

# રાજકોટમાં રોડ પર પિચકારી મારનારને ઈ-મેમો આપનાર ICCCમાં ખામી

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાર્યરત કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર (ICCC)માં ખામી સર્જાઈ હોવાનું સામે આવ્યું છે. વીજ વોલ્ટેજમાં વધઘટ થવાના કારણે વાયરિંગ બળતાં મોટાભાગની કામગીરી ગઈકાલથી બંધ થઈ હોવાનું સામે આવ્યું છે. જેમાં તાપમાનની નોંધ લેવી તેમજ જાહેરમાં રસ્તા પર થૂંકતા લોકોને ઈ-મેમો આપવો સહિતની વિવિધ કામગીરીને અસર પહોંચી હોવાનું હાલ જાણવા મળ્યું છે. આ કામગીરી પૂર્વવત કરવા માટે હાલ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જોકે અધિકારીએ આ અંગે બે દિવસનું શટડાઉન લીધાનો બચાવ કર્યો હતો અને તેના કારણે ઈ-મેમો જનરેટ કરવામાં કોઈ મુશ્કેલી નહીં થવાનો દાવો પણ કર્યો હતો.



મળતી માહિતી અનુસાર શહેરની કાયદો વ્યવસ્થા તેમજ પાન-ફાકી થૂકનારાને દંડ ફટકારવા સહિત શહેરના અલગ અલગ વિસ્તારોનું તાપમાનની નોંધ રાખવા નાનામૌવામાં મનપા દ્વારા કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ કાર્યરત છે. ૧૦૦૦ જેટલા ઈઈઝ્ટ દ્વારા અહીં સતત કામગીરી કરવામાં આવતી હોય છે. જોકે ગઈકાલે જ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરમાં વીજ વોલ્ટેજની વધઘટના કારણે મોટાભાગનું વાયરિંગ બળી ગયું હતું. જેને લઈને ઈ-મેમો જનરેટ કરવા તેમજ તાપમાનની નોંધ રાખવા સહિતની કામગીરીને અસર પહોંચી છે.


ગઈકાલે જ ઘટનાની જાણ થતાં સંબંધિત અધિકારીઓ તુરંત જ દોડી ગયા હતા અને કન્ટ્રોલરૂમમાં સર્જાયેલા ફોલ્ટને શોધવા મથામણ આદરી હતી. પણ મોટાભાગનું વાયરિંગ બળી ગયું હોય અને સર્વરને પણ નુકસાન થયું હોવાથી ફોલ્ટ શોધી શકાયો નથી. હાલમાં મનપા દ્વારા યુધ્ધના ધોરણે ઈઈઈઈની સેવા શરૂ કરવા માટેની કામગીરી ચાલુ હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ ફોલ્ટ શોધીને રિપેરિંગ કરતાં એક-બે દિવસનો સમય લાગે તેવી શક્યતા છે. જોકે આ મામલે મનપાનાં કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમનાં જવાબદાર અધિકારી વત્સલ પટેલે દિવ્યભાસ્કર સાથે કરેલી વાતચીતમાં જણાવ્યું હતું કે, સમયાંતરે મેન્ટેનન્સ માટેની કામગીરી કરવા શટડાઉન લેવામાં આવતું હોય છે. જે અંતર્ગત હાલ પણ બે દિવસનું શટડાઉન લેવામાં આવ્યું છે. જેને લઈને એનવાયરમેન્ટ એટલે કે તાપમાન સહિતની નોંધ રાખવાની કામગીરી બંધ છે. જોકે ઈ-મેમો સહિતની કામગીરી ચાલુ જ છે. તમામ કામગીરી પૂર્વવત થવામાં આવતીકાલ સાંજ અથવા શુક્રવાર સવાર સુધી સમય લાગવાની શક્યતા છે.

# યુવાધન તમાકુ-શરાબ તથા ભાંગ જેવા નશીલા દ્રવ્યોના નશાના રવાડે

## ૭૫ ટકા ૧૮ વર્ષની ઉંમર પૂર્વે જ વ્યસની થવા લાગે છેઃ ગરીબ વર્ગનાં બાળકો-યુવાનોમાં પ્રમાણ વધુઃ ગુજરાત સહિત ૧૫ રાજ્યોમાં સર્વેનાં ચોંકાવનારા તારણો

નવી દિલ્હી,તા.૧૭

દેશમાં ૧૦ થી ૨૪ વર્ષના યુવાનો કિશોરો,દારૂ, તમાકુ અને ભાંગ જેવા નશાની પકકડમાં ફસાઈ રહ્યા છે. આ ચોંકાવનારો ખુલાસો ૧૫ રાજયોમાં ૧૬૩૦ યુવાનો પર થયેલા સર્વે બાદ થયો છે. તેમાં એક તૃતિયાંશ યુવાનો નશાનાં વ્યસની થઈ ચુકયા છે. આ અધ્યયનમાં ઉકત રાજયોનાં એમ્સ સહીત અનેક હોસ્પિટલ સામેલ છે.



કિશોરાવસ્થા બાદ જ નશો શરૂ કરી દે છેઃ

સંશોધન મુજબ ૧૬૩૦ માંથી ૩૨.૮ યુવાનો નશાની ચૂંગાલમાં છે. નશા કરનારાઓમાં નિમ્ન આવકવાળા વર્ગનાં બાળકોની સંખ્યા વધુ છે. ૭૫ ટકા અર્થાત ત્રણ ચર્તુથાંશ યુવાનો એવા હતા જે કિશોરાવસ્થા અર્થાત ૧૮ વર્ષની વયથી જ નશો શરૂ કરી રહ્યા હતા. ૨૬.૪ ટકા યુવાનોએ તમાકુ ઉત્પાદનોના સેવનની વાત સ્વીકારી હતી અને ૨૬.૧ ટકાએ દારૂના સેવનની વાત સ્વીકારી હતી.જયારે ૯.૫ ટકા યુવકોએ ભાંગ લેવાની વાત કરી હતી.

મિઝોરમમાં વધુ, કેરળમાં સૌથી ઓછાઃઅધ્યયન અનુસાર સૌથી વધુ મિઝોરમમાં ૮૯ ટકા અને સૌથી ઓછા કેરળમાં ૭.૫ ટકા યુવાનો નશાનીચુંગાલમાં ફસાયા હોવાનું બહાર

આવ્યું છે. જયારે સૌથી નીચી આવકવાળા પરિવારોમાં સૌથી વધુ ૪૦ ટકા, મધ્યમ આવકવાળા ૨૯ ટકા જયારે વધુ આવકવાળા સૌથી વધુ સૌથી ઓછા ૨૩ ટકા યુવાનો નશામાં સામેલ હોવાની વાત કરી હતી.દેશનાં જુદા જુદા રાજયો, જીલ્લામાં નશાની પકકડમાં આવેલા યુવાનો કિશોરોની વાત કરીએ તો સીમલા ૧૯ ટકા, ભટીંડા ૯.૫ ટકા, ઋષિકેશ ૯.૯ ટકા, આગ્રા ૯.૨ ટકા, લખીમપુર ૪૬ ટકા, જોરમ ૮૯ ટકા, કલ્યાણી ૧૭.૨ ટકા, ભૂવનેશ્વર ૩૭ ટકા, હૈદરાબાદ ૧૦.૨ ટકા, કુટયમ ૧૪.૨ ટકા, ફરીદાબાદ ૮.૨ ટકા, ગુજરાતમાં દાહોદ ૬૧ ટકા, બેંગલુરૂમાં ૫૪.૫ ટકા, પઠનમથીટ્ટા ૭.૫ ટકા ચેન્નાઈ ૪૬.૩ ટકાનો સમાવેશ થાય છે.

# વીમા પોલિસીમાં ઈરડા દ્વારા ઐતિહાસિક ફેરફારોઃ જેવી જરૂરિયાત તેવી પોલિસી ખરીદી શકાશે

## ગ્રાહક વાહન, સંપતિ, દુર્ઘટના વીમો પોતાની જરૂરિયાત અને સુવિધા મુજબ ખરીદી શકશે જેથી વીમા પોલિસી ખર્ચ ઘટતા સસ્તી થશે

નવી દિલ્હી,તા.૧૭

ભારતીય વીમા નિયામક અને વિકાસ ઓથોરીટી (ઈરડા)એ બીન જીવન વીમા પોલિસીમાં ઐતિહાસીક ફેરફાર કર્યા છે. જે અંતર્ગત હવે ગ્રાહક વાહન, સંપતિ અને દુર્ઘટના વીમો પોતાની જરૂરીયાત અને સુવિધા મુજબ ખરીદી શકશે.




આ પ્રકારની વીમા પોલિસીઓને નીતિ શબ્દાવલીથી હટાવવામાં આવી છે. નવા નિયમ લાગુ કરી દીધા છે.જોકે થર્ડ પાર્ટી મોટર વીમામાં કોઈ પ્રકારનો ફેરફાર નથી કરાયો.

વાહન માલિકોને થશે મોટો ફાયદોઃ

જાણકારોનું કહેવુ છે કે ઈરડાની આ નવી વ્યવસ્થાથી વીમા ધારકોને ઘણો ફાયદો થશે. ખાસ કરીને વાહન ચાલકોને હાલમાં મોટર (વાહન)વીમા કવરેજ આખા વર્ષનું મળે છે.વાહન ચાલકો પાસે તેને લેવા સિવાય કોઈ વિકલ્પ નથી હોતો. નવી વ્યવસ્થામાં વીમા ગ્રાહક જયારે વાહનનો ઉપયોગ કરશે એ સમયે સમયગાળા માટે વીમા કવર ખરીદી શકશે.

અર્થાત કોઈ વાહન માલીક સપ્તાહના અંત કે મહિનામાં એક વાર જ કારનો ઉપયોગ કરે છે તો તે ઓછી રકમવાળી વીમા પોલીસી ખરીદી શકશે. જેની કિંમત સામાન્ય પોલીસીથી ઓછી હશે.

વીમા ખર્ચમાં ઘટાડો થશે

જાણકારોનું કહેવુ છે કે આ સિવાય એવા ચાલકોને પણ રાહત મળશે. જે માત્ર વાહનને થનારા મોટા નુકશાન માટે વીમા કવર ઈચ્છે છે. પોતાના પૈસાથી નાના નુકશાનનો સામનો ખુદ ગ્રાહક કરી શકે છે. આ સ્થિતિમાં વીમાના ખર્ચમાં ઘટાડો આવશે.કંપનીઓ ઝડપથી આવા વીમા લાવી શકે છે.

દુકાનદારોને લાભઃ

દુકાનદારો અને વેપારીઓ માટે પોતાના વ્યવસાય માટે ૧૨ જુદા જુદા પ્રકારના જોખમ કવર કરનારી વીમા પોલીસી આપવામાં આવે છે. જેની કિંમત પણ વધુ હોય છે. જયારે નવી વ્યવસ્થામાં દુકાનદાર કે વેપારી પોતાની જરૂરીયાત મુજબ માત્ર આગ પૂર કે ભૂકંપ જેવી આપતિઓનાં કવર માટે વીમા પોલીસી ખરીદી શકશે.

બોર્ડની મંજુરી જરૂરીઃ આ બારામાં ઈરડા દ્વારા જાહેર સુચનામાં એમ પણ કહેવામાં આવ્યું છે કે નવા વીમા ઉત્પાદન તેમાં કવર થનાર બધા ક્ષેત્ર અને તેની સાથે જોડાયેલ વિજ્ઞાપન વીમા કંપનીમાં બોર્ડ દ્વારા અનુમોદીત હોવા જોઈએ બોર્ડ પર નીતિઓનાં કાર્યાન્વયનની જવાબદારી હશે.

લેન્સેટ રિસર્ચનો ચિંતાજનક રિપોર્ટ

# સ્તન કેન્સરથી ૨૦૪૦ સુધીમાં ૧૦ લાખના મોત થશેઃ ગરીબ-મધ્યમ વર્ગમાં પ્રમાણ વધુ

નવી દિલ્હીઃ દુનિયાભરમાં સ્તન કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે. લેન્સેટ કમિશનના રિસર્ચ અનુસાર ૨૦૪૦ સુધીમાં સ્તન કેન્સરથી ૧૦ લાખ લોકોના મૃત્યુ થશે. ૨૦૨૦ સુધીના પાંચ વર્ષમાં ૭૮ લાખ મહિલાને સ્તન કેન્સર હોવાનું નિદાન થયું હતું અને લગભગ ૬,૮૫,૦૦૦ મહિલા એ જ વર્ષ આ રોગથી મૃત્યુ પામી હતી.

રિસર્ચના જણાવ્યા અનુસાર વિશ્વમાં ૨૦૨૦માં દર ૧૨ મહિલાએ એક મહિલાને ૭૫ વર્ષ પહેલાં સ્તન કેન્સર થવાની શકયતા હતી અને આ પ્રમાણ વધી રહ્યું છે. લેન્સેટ કમિશનના જણાવ્યા અનુસાર સ્તન કેન્સરના કેસ ૨૦૨૦ના ૨૩ લાખથી વધીને ૨૦૪૦માં ૩૦ લાખ થવાનો અંદાજ છે. જેની સાથે વધુ અસર નીચી અને મધ્યમ આવક ધરાવતી મહિલાઓને થશે.

ઉપરાંત, ૨૦૪૦ સુધીમાં આ રોગથી વર્ષે ૧૦ લાખ મહિલાના મૃત્યુ થવાની આશંકા છે. રિસર્ચમાં જણાવ્યા અનુસાર ‘આ સ્વીકાર્ય નથી કે અનિવાર્ય પણ નથી. અત્યારે લીધેલાં પગલાં ભવિષ્યમાં કેન્સરને અટકાવી શકે.’ મોટાભાગની મહિલાઓમાં સ્તન કેન્સરની જાગૃતિનો અભાવ છે. મેડાસ્ટેટિક સ્તન કેન્સર શરીરના અન્ય ભાગોમાં પણ ફેલાય છે, પણ તેની જાણ નહીં હોવાની કારણે સમયસર સારવારના પગલાં લઈ શકાતા નથી. લેન્સેટ કમીશનના મુખ્ય રિસર્ચર શાર્લોટ કોલ્સે જણાવ્યું હતું કે, ‘સ્તન કેન્સરમાં દર્દી જીવિત રહેવાના તાજેતરના કિસ્સા આધુનિક મેડીકલ સાયન્સની સફળતા દર્શાવે છે. ઉંચી આવક ધરાવતા દેશોમાં સ્તન કેન્સરથી થતા મૃત્યુમાં ૪૦ ટકા ઘટાડો નોંધાયો છે. જો કે, આપણે એ વાતની અવગણના ન કરી શકીએ કે મોટી સંખ્યામાં મહિલાઓ સ્તન કેન્સરનું નિદાન નહીં થવાને કારણે સમયસર સારવાર મેળવી શકતી નથી.’

લેન્સેટ કમિશને સ્તન કેન્સરના પડકારને પહોંચી વળવા દર્દી અને હેલ્થ પ્રોફેશનલ્સ વચ્ચે વધુ સારા સંવાદને મહત્વનો ગણાવ્યો હતો. કમિશને સ્તન કેન્સરની સારવારનો ખર્ચ ઘટાડવા નવા સાધનો અને માપદંડ વિકસાવવા પર ભાર મુકયો હતો. ઉંચી આવક ધરાવતા દેશોમાં સ્તન કેન્સરના દર્દીઓનો બચવાનો દર ૯૦ ટકાથી વધુ છે. ભારતમાં તે ૬૬ ટકા અને દક્ષિણ આફ્રિકામાં ૪૦ ટકા છે.










નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...



**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

# 98983 17826



**અને જોડાઇ જાવ અમારી સાથે...**


સુખનું સરનામું હવે બનશે ટાગોર રોડ પર
Book Your Profit Here...
SHUKAN POINT
Shops - Showrooms
Offices - Terrace Offices
91191 95495
ભક્તિનગર સ્ટેશન પ્લોટ મેઈન રોડ, રાજકોટ.


You Deserve The Best
PACIFIC PLAZA
SHOPS I SHOWROOMS
TERRACE OFFICES
નાનામવા મેઈન રોડ, બીઝનેસ ટર્મીનલની બાજુમાં, ભગવતી ડેન્ટલ કલીનીકની સામે, રાજકોટ.
89303 72303
89303 75303


સાધુવાસવાણી રોડ અને પાટીદાર ચોક થી નજીક
Plan your FUTURE with us
WEST VIEW
2 BHK | 3 BHK | 4 BHK
LUXURY APARTMENTS
with
SHOPS - SHOWROOMS
73597 00303 I 76985 00303
પાટીદાર ચોક, સાધુવાસવાણી રોડ, નંદનીકેતનની સામે,
સોપાન હેબિટેટની સામે, રાજકોટ.


@ કોઠારીયા 80 ફૂટ મેઈન રોડ,
80/25 રોડના કોર્નરનો ફુલ્લી કોમર્શિયલ પ્રોજેક્ટ
દુકાનો
શો-રૂમ
ઓફિસ
Ready Possession
SARDAR ARCADE
કોઠારીયા મેઈન રોડ, 80 ફૂટ મેઈન રોડ, સરદાર ચોકથી નજીક, રાજકોટ.
: 99043 48013 I 99043 48014

- 200 sq ft with attached toilet and wash basin 2 nd floor Shop no 24 Road side view
- Atlantis hills Near Ramdevpir chowkdi
- Rent 10000 Advance 2 deposit lift and general toilet available
- 11 months agreement compulsory

Contact- 9725078721

મધુવન કોચિંગ ક્લાસીસ સંભાળી શકે તેવા સ્ટાફની જરૂરીયાત છે.

રૂબરૂ મળવાનો સમય સોમવારથી મંગળવાર સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૬

ધોરણ ૧૦-૧૨ બાદ યુપીએસસી અને જીપીએસસીના કોચિંગ ક્લાસ સંભાળી શકે તેવાં ઉત્સવાહસ કોચની જરૂર છે. આકર્ષિક પગાર

Mo.80000 11119

ADDRESS: B,210 AALP, LIMDA CHOK RAJKOT

નાગેશ્વરમાં કસમાં પ્લોટ વેચવાનો છે પાણીના સંપની પાછળ 490 વાર 25000 ભાવ

Mo.9898317826

AM TRADING

*લાઈફ ટાઈમ ડિમેટ એકાઉન્ટ ફ્રી


ફ્રી એડવાઈઝરી

EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY

દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.

Mayuri Medam : 63555 17630

AM trading   am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઇ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062